
કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું માસિક • ૧૦ ડીસેમ્બર ૨૦૧૯ | ₹ ૩૦

# વિશ્વકર્મા વિશ્વ

**વોટસ્અપ આધારીત રંગોળી સ્પર્ધામાં બહેનોની કલા દીપી ઉઠી**









**શ્રી રસિકભાઈ ખાણધર**
કિચનવેર હાર્ડવેર ઉદ્યોગના મહારથી



**ડો. હાર્દિક ભાડેશિયા**
M.S. યુનિવર્સિટીમાં આસિસ્ટન્ટ પ્રોફેસર બન્યા




**પુજીત ત્રાટીયા**
પિસ્તોલ શુટીંગ સ્પર્ધામાં પ્રથમ સ્થાને

॥ શ્રી રામ ॥

# સમદર્શન સેવા પરિવાર

સમદર્શન
Estd. 1999

Public Trust Regd. No.: E-18305 - Mumbai
C/o. Suresh Muchhala, 15, Maheshwar Niwas, Tilak Road, Santacruz (West),
Mumbai - 400 054. • (M) 93242 50850 • E-mail: samdarshanseva@yahoo.com





## * હાર્દિક નિમંત્રણ *

માનવ સેવાની માંગલ્ય અને કલ્યાણની પ્રવૃત્તિઓમાં છેલ્લા ૨૧ વર્ષથી
સમાજના અગ્રણી ટ્રસ્ટીઓ, ભાઈઓ, બહેનો અને કાર્યકરો દ્વારા ચાલતો પરિવાર...
'સમદર્શન સેવા પરિવાર'
ઐતિહાસિક ભવ્ય આયોજન... સનાતન સંસ્કૃતિને ઉજાગર કરતો જ્ઞાનયજ્ઞ

## શ્રી રામ કથા મહોત્સવ

૧૦ દિવસ

**૧,૦૮,૦૦૦ શ્રી રામ નામ મંત્ર લેખન દ્વારા શ્રી કથા પારાયણ**

*** પ્રારંભ ***
શુક્રવાર, તા. ૦૩-૦૧-૨૦

*** વિરામ ***
શનિવાર, તા. ૧૧-૦૧-૨૦

*** શ્રી સુંદરકાંડ હવન ***
રવિવાર, તા. ૧૨-૦૧-૨૦

*** સ્થળ ***
વિશ્વકર્મા બાગ, A.C. હૉલ, બજાજ રોડ,
વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૬.



**શ્રી સુંદરકાંડ - શ્રી હનુમાન ચાલીસા પ્રવચન**
(સત્ર-૧ : સવારે ૦૯.૩૦ થી ૧૧.૩૦ – A.C. હૉલ)
વ્યાસપીઠ : પ.પૂ. શાસ્ત્રીજી શ્રી ઈશ્વરચંદ્ર વ્યાસ (જુનાગઢ)



**શ્રી રામ પંચાયતન પૂજા, શ્રી રામ પોથીજી - મંત્ર પોથીજી પૂજા**
(સત્ર-૨ : બપોરે ૦૧.૦૦ થી ૦૩.૦૦)
વ્યાસપીઠ : પ.પૂ. વૈદિકાચાર્ય શ્રી ગજાનંદ ભટ્ટ



**શ્રી રામ કથા - દૈનિક શ્રી મહાઆરતી**
(સત્ર-૩ : સાંજે ૦૩.૩૦ થી ૦૭.૩૦ – A.C. હૉલ)
વ્યાસપીઠ : પ.પૂ. શાસ્ત્રીજી શ્રી ઈશ્વરચંદ્ર વ્યાસ (જુનાગઢ)

### શ્રી રામ કથા મહોત્સવના મુખ્ય યજમાન પરિવાર

શ્રી કિરીટભાઈ મથુરાદાસ મહેતા તથા સ્વ. સૌ. ભારતીબેન કિરીટભાઈ મહેતા પરિવાર, વિલેપાર્લે, મુંબઈ - ૪૦૦ ૦૫૬.

### શ્રી રામ પંચાયતન પૂજા, શ્રી રામ પોથીજી પૂજા, શ્રી મંત્ર પોથીજી પૂજા



આપશ્રી પોથી યજમાન બની સંસ્થાના માનવ સેવાના કાર્યોને વેગ આપશો...
શ્રી પોથીજી યજમાન અને શ્રી હવન યજમાન : રૂા. ૨૫૦૦૦/- * શ્રી સુંદરકાંડ હવન (રવિવાર, તા. ૧૨-૦૧-૨૦, બપોરે ૩.૩૦)



### ઉત્સવોની ઉજવણી, સેવા યજમાનનો લાભ લેવાનું આમંત્રણ

| | | | |
|---|---|---|---|
| શ્રી પોથી યાત્રા : ૦૩-૦૧-૨૦, શુક્ર | શ્રી રામ જન્મોત્સવ : ૦૫-૦૧-૨૦, રવિ | શ્રી ભરત મિલાપ : ૦૮-૦૧-૨૦, બુધ | શ્રી ઉત્તરકાંડ - વિરામ : ૧૧-૦૧-૨૦, શનિ |
| શ્રી કથા માહાત્મ્ય : ૦૩-૦૧-૨૦, શુક્ર | શ્રી સીતા-રામ વિવાહ : ૦૬-૦૧-૨૦, સોમ | શ્રી હનુમાન પ્રાગટ્ય : ૦૯-૦૧-૨૦, ગુરુ | શ્રી હનુમાન ચાલીસા : ૧૨-૦૧-૨૦, રવિ |
| શ્રી શિવજી વિવાહ : ૦૪-૦૧-૨૦, શનિ | શ્રી કેવટ પ્રસંગ : ૦૭-૦૧-૨૦, મંગળ | શ્રી રામ રાજ્યાભિષેક : ૧૦-૦૧-૨૦, શુક્ર | શ્રી સુંદરકાંડ હવન : ૧૨-૦૧-૨૦, રવિ |

### • TRUST HUMANITARIAN ACTIVITIES •

અંતિમ વિસામો સેવા * અનાજ વિતરણ (અન્નદાન - દર મહિને ૧૫૦ પરિવાર) * શૈક્ષણિક સહાય * વૈદકિય સહાય
સામાજિક - સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ * ધાર્મિક - આધ્યાત્મિક પ્રવૃત્તિઓ * જીવનસાથી પરિચય સંમેલન
GIRLS / WIDOWS - UPLIFTMENT PROGRAMME * SCHOOL PROJECT : UP-GRADATION - RURAL ADDIVASI AREA

### • TRUST BOARD •


Shri Sureshbhai Muchhala .....(Mg. Trustee) 93242 50850
Dr. Pankaj Telivala..................(Gynecologist) 98200 62907
Shri Jyotiravadan Rindani......................(CA) 98204 74131
Shri Bipinbhai Parikh ......... (Social Worker) 93222 82424

### શ્રી પોથી યજમાન રજીસ્ટ્રેશન, ઉત્સવ યજમાન, સેવા યજમાન, હવન યજમાન માટે સંપર્ક

સંપર્ક... સુરેશભાઈ મુછાલા (Mg. Trustee) 93242 50850

હંસાબેન : 98214 72726 | ઈલાબેન : 98698 74748 | ભાવનાબેન : 98211 98011 | ઈન્દુબેન : 93720 56141

VISHWAKARMA VISHAWA
(GUJARATI-MONTHLY)
RNI REGD. NO.GUJGUJ/2013/49269




Volume No.-7, Issue No.11
Date : 10-12-2019

Page : 36
Retail Price Rs.30/-
Annual Subscription Rs. 300/-

**Editor :** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia)

**Graphic Design :** Amit Vaghela

**Web Editor :** Parth Gajjar

**Marketing :** Rameshbhai Vaghasana

**Office :** Vishwakarma Vishwa, Ramy Publication, 320, Heera Panna Complex, Dr. Yagnik Road, Rajkot-360001. Ph. 0281-2461858

**Editor-Publisher-Owner & Printer**: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)

**E-mail:** vishwakarmavishwa@yahoo.com
**Web:** vishwakarmavishwa.com
www.fb.com/vishwakarmavishwa

**'વિશ્વકર્મા વિશ્વ'માં પ્રકાશિત થતી વાંચન સામગ્રીમાં વ્યક્ત થતા વિચારો જે-તે લેખકના છે. એની સાથે તંત્રી/સંપાદક હંમેશા સંમત જ છે તેમ માનવું નહીં. કાનૂની ક્ષેત્ર રાજકોટ રહેશે.**



# હેલ્મેટ કાયદો મરજીયાત બનાવી સંવેદનશીલતા પુરવાર કરતા મુખ્યમંત્રી શ્રી રૂપાણી...

સમાજના તમામ વર્ગના લોકો માટે માથાનો દુઃખાવા રૂપ બની ગયેલ ફરજીયાત હેલ્મેટ પહેરવાના કાયદાને મહાનગરપાલિકા તથા નગરપાલિકા વિસ્તારમાં ફરજીયાતમાંથી મરજીયાત બનાવી ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીને મળેલ 'સંવેદનશીલ મુખ્યમંત્રી'નું બિરૂદ ફરી એકવાર સાર્થક કરી બતાવ્યું છે. એટલું જ નહીં કેન્દ્ર સરકારના કાયદાને જડતાપૂર્વક વળગીને લોકોનું જીવન નર્ક ન બને તે માટે ગુજરાતની પ્રજાને હેલ્મેટમાંથી 'મુક્તિ' અપાવી મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ લોકોની રજુઆતો અને તકલીફો સમજી તેમના માટે કાયદો પણ સરકાર બદલી શકે છે. તે પુરવાર કર્યું છે. મુખ્યમંત્રીના આ નિર્ણયને ગુજરાતની પ્રજાએ હોંશભેર વધાવી લીધો એટલું જ નહીં અનેક જગ્યાએ ફટાકડા ફોડી મીઠાઇ વહેંચીને વધાવી લીધો હતો.

કેન્દ્ર સરકારે ફરજીયાત બનાવેલ 'હેલ્મેટ'નો કાયદો આવ્યા બાદ ફરજીયાત હેલ્મેટ પહેરવી માથાના દુઃખાવારૂપ બની હતી. એટલું જ નહીં હેલ્મેટને લીધે સામાન્ય દિનચર્યામાં લોકોને હેરાનગતિ ઉભી થતી હતી. એટલું જ નહીં ફરજીયાત હેલ્મેટ લોકોની ચર્ચાનો વિષય બન્યો હતો. એટલું જ નહીં ફરજીયાત હેલ્મેટનો કાયદા બાદ લોકો પાસેથી થતી દંડની વસુલાત પણ મંદીના સમયમાં પડયા ઉપર પાટુની યાદ અપાવતી હતી. હવે હેલ્મેટ પહેરવી ફરજીયાતને બદલે મરજીયાત કરવાની મુખ્યમંત્રીની જાહેરાતથી ગુજરાતભરીન પ્રજા મુખ્યમંત્રીને આવા નિર્ણય બદલ અભિનંદ આપી રહી છે.

સમગ્ર વિશ્વકર્મા સમાજ પરીવાર વતી વિશ્વકર્મા વિશ્વએ પણ હેલ્મેટ મરજીયાત બનાવવા બદલ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીને અભિનંદન આપ્યા છે.

◆ પ્રવિણ ગજ્જર


# વોટસઅપ આધારીત રંગોળી સ્પર્ધામાં બહેનોની કલા દીપી ઉઠી

વિશ્વકર્મા વિશ્વ દ્વારા દિવાળી નિમિત્તે યોજાયેલ વોટસઅપ આધારીત ઘર રંગોળી સ્પર્ધાને પ્રતિવર્ષ વધુ ને વધુ પ્રતિસાદ મળતો રહયો છે. આ વર્ષે યોજાયેલ રંગોળી સ્પર્ધામાં અત્યાર સુધી યોજાયેલ સ્પર્ધાની સરખામણીએ સૌથી વધુ બહેનોએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં પ૯ જેટલી રંગોળીઓ આવી હતી. નિર્ણાયક જાણીતા કલાકાર શુભદાબેન ભટ્ટીએ આ તમામ રંગોળીઓ નિહાળી. બારીકાઈથી અભ્યાસ કરીને પરિણામ જાહેર કર્યું છે.

નિર્ણાયક શુભદાબેન ભટ્ટીએ સ્પર્ધા અંગે પોતાનો પ્રતિભાવ વ્યકત કરી જણાવ્યું હતું કે, વિશ્વકર્મા વિશ્વ દ્વારા પ્રતિ વર્ષ યોજાતી વોટસએપ આધારીત રંગોળી સ્પર્ધામાં કલાકારોમાં રહેલી કલા–કારીગરી અને કૌશલ્યના અનેરા દર્શન થાય છે. ગજ્જર સમાજની બહેનોમાં કંઈને કંઈ નવીનતા પડેલી છે જે આવી સ્પર્ધામાં બહાર આવે છે.

સ્પર્ધાના ૧ થી ૩ વિજેતા અને ત્રણ પ્રોત્સાહક વિજેતા જાહેર કર્યા છે. અન્ય રંગોળીઓ જે સ્પર્ધામાં આવી હતી. તેમાની પસંદગીની રંગોળીઓ અને કલાકારોના નામ નીચે પ્રમાણે છે.










**રિદ્ધિ રોનક ધ્રાંગધરિયા**
રોનક, ૩૯–બી/૨,
પંચશીલ સોસાયટી,
ગોંડલ રોડ, રાજકોટ.




**ભકિત સાંકડેચા**
આશીર્વાદ, ૧–
મારૂતિનગર, કુવાડવા
રોડ, રાજકોટ.




**જીલ નિરજભાઈ ભાડેશિયા**
ધર્મ, ટપુભવાન પ્લોટ,
મેઈન રોડ, રાજકોટ.




૪






**માનસી ભરતભાઈ ભાડેશિયા**
૪૦૧, હરીકૃષ્ણા એપાર્ટમેન્ટ, રણછોડનગર, રાજકોટ.


૫






**આકૃતિ પિલોજપરા**
શ્રદ્ધા, ૧૧–પંચશીલ સોસાયટી, ૮૦ ફૂટ રોડ, રાજકોટ.


૬






**વૈષ્ણવી નિમિષભાઈ ઘોરેચા**
નિલકંઠપાર્ક શેરી નં. ૪, રાજકોટ.

૭





**ભાવિકા જયેન પંચાસરા**
૧–અંબાજી કડવા પ્લોટ, રાજકોટ.

૮





**ખુશ્બુ ખંભાયતા**
માલવિયાનગર બ્લોક નં. ૫૫, રાજકોટ.

૯






**ચેતના એસ. વાલંભિયા**
પંચશીલ સોસાયટી, પંચશીલ હોલ પાસે, રાજકોટ.


૧૦




**ઘોરેચા કોમલ ગીરીશભાઈ**
જનકપુરી, સાધુવાસવાણી રોડ, રાજકોટ.


૧૧






**હેલી ડી. ભાડેશિયા**
જયંત કે.જી. મેઈન રોડ, રાજકોટ

૧૨





**દિવ્યાબેન એન. ખંભાયતા**
૮૪, આહયા એપાર્ટ. ગોંડલ રોડ, રાજકોટ.

# સ્પર્ધાની અન્ય આકર્ષક રંગોળી




**વંદનાબેન એન. બકરાણિયા**
ન્યુ સર્વોદય સોસાયટી, રાજકોટ.



**પુજા વી. રાઠોડ**
દિનકર કોલોની–૩, મવડી મેઈન રોડ, રાજકોટ.



**જીનલ કે. સંચાણિયા**
રામનગર–પ, રાજકોટ.



**ઉમેશ એન. ગોધાણીયા**
ગાંધીસ્મૃતિ સોસાયટી, રાજકોટ



**બંસી અડીયેચા**
મિત હાઈટસ, ગોવર્ધન ચોક, રાજકોટ




**ડીમ્પલ રાજેશભાઈ સાંકડેચા**
પ્રથમ–૨૦૨, શિવનગર શેરી નં. ૪,
ગોંડલ રોડ, રાજકોટ.



**ભાડેશિયા ખુશ્બુ એચ.**
ઉદયનગર પાર્ટ–૨, મવડી મેઈન રોડ,
રાજકોટ.



**શ્વેતા મહેમદાવાદિયા**
બ્લોક નં. બી/૨૮, ક્વાર્ટર નં. ૧૯૮,
આનંદનગર કોલોની, રાજકોટ.



**બોનિકા ભારદીયા**
૧–ગીતાનગર, સ્વામીનારાયણ ગુરુકુળ
પાસે, ઢેબર રોડ, રાજકોટ.




# એકાંત ના સાક્ષી...મૌન ઉદગાર

આજે રવિવારની રજા છે.

શાંત ચિત્તે ગેલેરીમાં હિંચકા પર બેસી રજાની આલ્હાદક ક્ષણોને માણતો બેઠો હતો. કોઈ પણ સ્પષ્ટ પ્રયોજન વિના જ આસપાસ નાં મકાનો, રસ્તા, વાહનોઆવન જાવન કરતાં લોકોને દ્રષ્ટિ નો એક આછેરો સ્પર્શ આપી ને મારી નજરને દૂર ક્ષિતિજ સુધી વિસ્તારી જોઈ.

આકાશ અને અવની (પૃથ્વી) નાં આલિંગન માં એક વિશેષ પારદર્શિતા જોઈઅંતરિક્ષ ની વિશાળતા, ને પૃથ્વી નો સિમિત પરિઘ સાવ સહજ રીતે પરસ્પરમાં વિલિન થતાં જોતો રહ્યો!! એ બંને નિખાલસતા અને દિલની વિશાળતા ના ધ્યોતક છે.કારણ, બંનેનો અભિગમ તરલ છેપારદર્શી છે. ક્યાંય લઘુતા કે ગુરુતાના વમળો ટકરાતા નથી. આમાં જ સાચો દર્પણ ભાવ છે. દર્પણમાં જે દેખાય છે તે ભલે પરોક્ષ ભાવ છે પરંતુ આ પારની તાદ્રશ સ્થિતિ ને આબેહૂબ પ્રતિબિંબિત કરે છેરજૂ કરે છે પ્રદર્શિત કરે છે ક્યાંય કોઈ આડંબર નહીં---ક્યાંય કોઈ Artificiality નહીં---કોઈ અવહેલના નહીં----બધુ જ ટ્રાન્સપરન્ટ તદ્દન પારદર્શક હોય છે!!

પારદર્શિતા દરેક વસ્તુને, દરેક ચેતનવંતા પદાર્થને અને સૌથી વધુ તો ધબકતા જીવન ને નજીક થી સ્પર્શે છે.હર પદાર્થ ,હર ક્ષણ, હર રજકણોને પોતાનું આગવું અસ્તિત્વ છે. સાથે દરેક પદાર્થને પોતાનો વિશિષ્ટ ઈતિહાસ હોય છે. પણ એક બીજાથી તદ્દન ભિન્નછત્તાં, પૃથ્વી પરનાં જ નહીં, બ્રહ્માંડ ના પ્રત્યેક પદાર્થોનો પરસ્પર એક લગાવ Attechement નો સંબંધ આદિકાળથી



સ્થપાયેલો છે.એને કોઈ નકારી ન શકે!! અને ત્યારથીજ થઈ સહ-અસ્તિત્વ ની સંરચના!!---દર્પણ અને પ્રતિબિંબ પણ સહ અસ્તિત્વ ને વરેલાં છે. કારણ, બંન્ને માં એક લય અને એકરુપતા છે. બંન્ને મૂળભૂત રીતે પારદર્શક પ્રકૃતિ ધરાવે છે!

મારી ફુરસદ ની થોડી ક્ષણો દિવાનગી ના આલમમાં કોઈ.. મેં લખેલાં મુક્તકો,ગીતો, કાવ્યો, ગઝલો, વગેરે પર ચિંતન-મનન કરવામાં વિતાવી લઉં છુંમનને ઘણી શાંતિ મળે છેવળી ક્યારેક ચિંથરેહાલ , જૂના પૂરાણા કાટમાળ સમી જૂની સ્મૃતિ ને વાગોળી લઉં છું!!....કોણ જાણે કેમ? પણ આ જૂના 'સ્મૃતિ-ખજાના' ને ખંખોળવાનુ મને ગમે છે. મને લાગે છે કે આ મારો સાચો ખજાનો છે . એને હું માણી શકું છું. મારી એકલતા મારી સાથી છે. ઘર-પરિવાર અને ખાસ તો પૌત્રો સાથે ગુજારાતી પ્રત્યેક ક્ષણો, પળ વિપળ મારા જીવનની શ્રેષ્ઠતમ અને આનંદમયઆલ્હાદક, સુખદતમ ક્ષણો હોય છે !! પરંતુ ક્યારેક સાવ અંગત અંગત.. એકાંત ક્ષણો ને માણવા પણ મન લલચાય છે!----ફક્ત અને ફક્ત .'સ્વ' સાથે નિકટ રહી , ફક્ત 'સ્વ' માં જ ઓતપ્રોત થઈ, અંતર માં વસતાપોતાની સાથે ગોઠડી કરવા , કોઈ'ક વાર પ્રબળતમ ઈચ્છા થઈ આવે છે !!...અને જ્યારે પોતાની સાથે આ નિસર્ગ ની / છત્રી હેઠળ એકાકાર થઈ જાઉં છું.. ત્યારે કોઈ'ક અલૌકિક, વિશિષ્ટ , દિવ્ય ચુંબકત્વ ની અનુભૂતિ સ્પર્શી જાય છે!!!!!

બસ એકલતા અને હુંઘણીવાર કલાકો સુધી સાથે બેસીને કલ્પના નાં આલમમાં રાચીએ છીએ !!...તસવ્વૂરની દુનિયા માં ગુમ થઈ જઈએ છીએ !! હું અને મારી એકલતા પરસ્પર લડ્યા છીએ, ઝઘડ્યા છીએ, અને પાછી સુલેહ પણ કરી છે ----ગળે વળગ્યાં છીએ.કલાકો સૂધી મારી એકલતા સાથે, મેં સુખ-દુ:ખ ની વાતો કરી છેઅને ..હા, પરસ્પરના અશ્રુ નાં સાક્ષી બન્યા છીએ !!! હા, ઘણીવાર મારી એકલતા સાથે કિટ્ટા કરી અબોલા પણ લીધાં છે !!...અને છેવટે થાકી હારીને એની સાથે બિટ્ટા પણ કરવી પડી છે !!

અલૌકિક ત્રિકોણ ના એક ખૂણે ઉદભવતી કોઈ અગમ્ય લાગણી ને વશ થઈ ને મારી એકલતાને મૂર્તિ સ્વરુપ આપવાની.અશ્રુ-સ્મિતાની ભાષામાં કોશિશ પણ કરી છે.. તો શ્રધ્ધા -વિશ્વાસ-અને ભાવના ની સુવર્ણ રેખાઓ દ્વારા દોરેલાં ત્રિકોણ નાં બીજા ખૂણે


મૂર્તિ ના પ્રતિબિંબ ને આંખો નાં રસ્તે રુદિયા નાં ઊંડાણે ઉતારી સંઘરી રાખ્યું છે !! આ દિવ્ય ત્રિકોણ ના ત્રીજા ખૂણે બેઠો બેઠો સતત એ મૂર્તિ સામે આંખ માં તેલ આંજી ને એનું રખોપું કરતો રહું છું!! જેથી એજ ત્રિકોણ ના ચોથા ખૂણે છદ્મ વેશે છુપાઈને બેઠેલાં આ જાલિમ દુનિયા નાં સ્વાર્થી ઠેકેદારો મારી કનેથી ..મારી એકલતા ની અમૂલ્ય મૂર્તિ ને ક્યાંક છીનવી ન લે !!!!!...જ્યારે આ નયનો તરસે છેતલસે છે એ મૂર્તિ ને જોવાત્યારે પાંપણો બંધ કરી અંતર ચક્ષુ થી દર્શન કરી લઉં છું !!....ખેર..! છોડો આવી ગાંડી ઘેલી વાતો ને..!

આ નિર્જીવ છત્તાં સજાગ, સજીવ અને સદાય ચેતનવંતા એવા આ 'વિશ્વકર્મા વિશ્વ'મેગેઝિન ના પાના પર આ બધી મનમાં ધરબાયેલી વાતોને.ન ઠાલવું તો શું કરું ?!!...કોણ સાંભળે કેઆ બેવકૂફ દિલનાં અનિયમિત ધબકારાં ને ?!!!!!

હજુ સુધી વિશ્વમાં એવુ કોઈ ઝેરોક્ષ મશીન નથી બન્યુ, કે જે કોઈ ના અંગત, વ્યક્તિગત સુખ, લાગણી, અનુભૂતિ, ઊર્મિ, અને અહેસાસ ની ઝેરોક્ષ કોપી છાપી શકે !! પ્રત્યેક મનુષ્ય ની સુખદ કે દુ:ખદ અનુભૂતિ ની તદ્દન ભિન્ન પારાશીશી, પરિમાણ, હોય છે.સુખ-દુ:ખ ને જોખવાના કાંટા અને કાટલાં, વ્યક્તિએ વ્યક્તિએ જૂદા હોય છે !... હર એક વ્યક્તિ એ પોતાના સુખની દિવાદાંડી એક વિશિષ્ટ અને નિશ્ચિત સ્થાને, ગણત્રી પૂર્વક નાં અંતરે અને ઉંચાઈએ ખોડી દીધી છે! દરેક વ્યક્તિએ તેમને મળતા આનંદની હર એક ક્ષણ ની પરિમિતિ, પરિઘ, વ્યાસ, ત્રિજ્યા, કેન્દ્રબિંદુ બધું જ ભિન્ન હોય છેઅને એનો કોઈ એક્શન રિપ્લે નથી હોતો !!! જેમ ઘડિયાળના

કાંટા ને કોઈ મન, મસ્તિષ્ક, સંવેદના, કે કરોડરજ્જૂ નથી હોતીથાકીને પોરો ખાવાની..વિશ્રામ કરવાની, બે ઘડીની નવરાશ એના નશિબ માં નથી!!... વિતેલાં સમયને ..વિતેલી ક્ષણો ને એ ફરીથી ક્યારેય જોઈ કે સ્પર્શી શકતાં નથી!!...એનું પ્રારબ્ધ, ભવિતવ્ય, બસ વર્તમાન ની ગતિ નાં સાતત્યમાં જ સંપૂર્ણ પણે સમાવિષ્ઠ છે !!! જીવનનું પણ એવું જ છે,વહેતી જતી ક્ષણોમાં જયા તો તરવાનું અથવા ડુબવાનુ છે. કેટલી'ક ક્ષણો સુવાસિત પૂષ્પ સમાન તો કોઈ ક્ષણો બાવળિયાના કાંટા નું સ્વરુપ લઈ આવતી હોય છે.-----હા, પ્રત્યેક ક્ષણોનું અંતિમ ચરણ એના ઓગળવામાંવિલિન થવામાં છે !! ક્ષણો એટલે બળતી વાટ ! ક્ષણો એટલે મિણ નાં ઓગળતા ટીપાં !...અને આ જીંદગી એટલે, થોડાં સમય પૂરતી જીવી લેવાનો ઢોંગ કરતી ક્ષણોનુ એક વણઝારુ ટોળું !! . કહે છે કે માનવીનુ પ્રારબ્ધ,હથેળીમાં કરોળિયા ના જાળાં ની જેમ ફેલાયેલી સ્પષ્ટ કે અસ્પષ્ટ રેખાઓમાં સમાયેલું છે અને સાચે જ એમ હોય, તો .. હસ્તરેખાઓ નાં સર્કસ સમા -હિંચકા માં માનવીએ સતત ઝૂલતુ રહેવાનું છે, ઝૂમતું રહેવાનું છેછત્તાં આપણે સાચે જ જીવતાં !! કહેવાયએ રીતે રહેવાનું છે !!

પ્રત્યેક જીંદગી એક અદ્રશ્ય લિપિ માં શબ્દ વિહિન ભાષામાં આલેખાયેલી એક નવલકથા છે!!!... સમયના પ્રત્યેક ઝોંકા સાથે ,



પાનાં પલટાતાં જાય છેએને કોઈ વાંચવા વાળુ ન જડે તો, તે નવલકથા ના પાને પાને ઊધઈ લાગી જાય છે !!! વ્યક્તિગત અંગત જીવન સાવ ઓગળી ને નિઃશેષ બની જાય છે, તોય એમાં ના કેટલાંય પાનાં, જે સાવ કોરાકાટ રહી ગયાં હોય છે, એમાં અશ્રુ નાં વ્રણઅશ્રુ નાં ઘા થી સર્જાયેલા ઊંડા નિશાન ..ઊપસી આવે છે !!....મનગમતી નવલકથા કે કોઈ સૂરમયી ગઝલ લખેલાં પાનાં ને મહેકાવવા વચ્ચે સુવાસિત ફૂલ મૂકાય છે.પણ એણે તો પાનાં વચ્ચે દબાઈ,ગુંગળાઈ ને કરમાવાનુ જ છેમુરઝાવાનુ જ છ----

એ પૂષ્પો ભલે ફના થઈ જાય,પણ એની પરમાર્થ ની ભાવના થી તરબોળ , સુવાસિતએક નવલકથા કે ગઝલ સંગ્રહ નાં કેટલાં પાનાં નિષ્ઠા પૂર્વકઋજુ હ્રદયથી વંચાતાં હશે ? આ એક યક્ષ પ્રશ્ન છે.

મન ને મુળ થી સ્વાર્થી કહેવાયું છે. ઘણી વાર એમ લાગે છે કે, આપણે પોતાનાં અંગત માણસોને રુંવાડે રુંવાડે ઓળખીએ છીએ.

ક્યારેક એજ વ્યક્તિ એક અઘરો પ્રશ્નાર્થ બની સમક્ષ ઊભો રહી જાય છેત્યારે આપણે 'સ્વ'પરનો વિશ્વાસ ગુમાવી બેસીએ છીએ.

પ્રશ્ન થાય છે, કે સમજવા માટે એ માણસ પોતે જ અઘરો છે કે એને ઓળખવાના સાચા દાખલાં આપણે નથી ગણ્યા ?!! આમ તો આપણે લગભગ સાચી ખોટી ગણત્રીમાં જ આખું આયુષ્ય ઝઝૂમતા રહીએ છીએ. સદભાગ્યે ક્યારેક સાચુ અને યોગ્ય કોષ્ટક...સમિકરણો, કે ગુણ્યા ભાગ્યા ની નિશાનીઓ યોગ્ય રીતે ગોઠવાઈ જાય, ત્યારે ..અઘરા દાખલા જેવો માણસ સાવ સહેલો.પૂરા માર્ક મળી જાય એવો લાગે છે!!...દરેક વખતે નાની નાની વાતો માં ગણત્રી માંડવાની થોડી હોય ?...માનવ પ્રેમ અને સંબંધોને તો ફક્ત હોંશે હોંશે જીવી જવાના હોય !! ઓળખ મેળવવાની,અને ઓળખ પામવાની વચ્ચેની પાતળી ભેદ-રેખા નું નામ જ

સહજ જીંદગી !...આમ જૂઓ તો ઓળખ થોડી છેતરામણી તો ખરી જ હોં ? ઓળખ સદાકાળ બદલાતી રહે છેપરિચય સતત પરિવર્તનશીલ છે.

આ ઈશ્વરદત્ત જીવન આમ તો સાવ સહેલુ, સરળ છે.પણ આ સાવ સરળતા ને સમજવાનુ જ સૌથી કપરું કાર્ય છે !...જે આ સરળતાને સાચા અર્થમાં સમજી શકે તે પોતે પણ અઘરો રહેતો નથી..હવે ઘણી વાર બને છે એવું કે, બીજા ને સમજવાની કોશિશ માં, ગડમથલમાં, મથામણમાં..આપણે પોતાને ઓળખવામાં ક્યારેક ભૂલ કરી બેસીએ છીએ !! હોંઠ પર મુસ્કાન સાથે જીવવું કે કપાળમાં કૂવો લઈને સતત અશ્રુધારા વહાવતા ,કે રોદણાં રડતાં જીવવુંજે મળ્યું તેમાં સંતોષ અને પ્રસન્નતા સાથે જીવવું, કે અભાવના રાસડા ગાતાં જીવવું એ પોતેજ નક્કી કરવાનું હોય છે.જીંદગીને હારીને નહીં, જીતીને જીવવાની હોય છે ! ઈશ્વરે આપેલ આ જીવન, આ જીંદગી સાથે સંકળાયેલા સંબંધો, સંબંધો માં રહેલી ગુણકારી મિઠાશ ને સમજવી, ચાવવી, માણવી જરુરી છે. અને આ એક જ એવો એક્સપ્રેસ વે છે જેના દ્વારા ઈશ્વરીય શક્તિ અને અલૌકિકતાની નજીક પહોંચી શકાય !!

માણસ એની મહાનતાથી ઓળખાય છે. એ કેવો છે એનો આધાર તે કેવી રીતે જીવ્યો છે એના પર છે. ગુલાબ ના છોડ માં કળી ઊગવાની શરુઆત થાય, ત્યાર પહેલાં કાંટા ઊગી જાય છેએટલે જ તો કાંટાની સુરક્ષિત આગોશમાં ફૂલો નું સૌન્દર્ય..રોનક સોળે કળાએ ખીલી ઊઠે છે !!....ફૂલ ગમે તેટલું કોમળ હોય, તો પણ એ સક્ષમ છે. તલવાર ભલે તેજધાર હોય, પણ તેનો ઉપયોગ યુધ્ધ ના સમયમાં જ થાય છે, યુધ્ધ સિવાયના દિવસોમાં એણે કટાવાનું જ હોય છે !! પૂષ્પ તો મનુષ્ય જીવન સાથે ઓતપ્રોત થઈ ને જીવી જાય છેએની ઋજુતા, એની સુવાસ ઈશ્વરને પણ પ્રિય હોય છે.તેથી જ એ પૂષ્પો હાર માં ગુંથાઈ ને પરમાત્મા ના ગળામાં સ્થાન પામે છે. ઈશ્વરનાં ચરણાર્વિંદ થી પ્રવાસ શરુ કરી છેક મસ્તક પર ' યશ-કલગી ' બનીને શોભે છે!! કોઈ વ્યક્તિ-વિશેષ ની પ્રશસ્ત્િ, બહુમાન, કે આગતાસ્વાગતા કરતી વેળાએ પૂષ્પ-ગુચ્છ સ્વરુપે એના હાથની..તો પૂષ્પ હાર સ્વરુપે એ વ્યક્તિ ના ગળાની ફક્ત શોભા જ નહીં, પરંતુ એનું ગૌરવ પણ વધારે છે !! ઘરનાં શુભ પ્રસંગેલગ્ન પ્રસંગે કે કોઈ પણ માંગલિક અવસરે મુખ્ય દ્વારને સુશોભિત કરે છે.પૂજન માં તો એનું સ્થાન પવિત્રતાનો પર્યાય બની જાય છે.અરે માનવીના મૃત્યુ બાદ પણ પાર્થિવ દેહને આદર-સન્માન આપી મૃત્યુ નો મલાજો રાખી છેક અંતિમ પડાવ, એટલે કે ચીતા સૂધી સાથ આપે છે !!!!! આમ કટાઈ જવા કરતાં કોઈને ખુશ્બુ આપીઆલ્હાદ આપી કોઈને ઊપયોગી થઈ ને મૂરઝાઈ જવામાં એની સાર્થકતા છેમહાનતા છે !!

જેમ અર્થશાસ્ત્ર નો નિયમ છે કે ઉત્પાદન ઘટે તેમ તેની કિંમત વધે! ..સારા માણસોનું પણ એવું જ છે. સારા માણસોની સંખ્યા ઓછી છે, એટલે જ એનું મહત્વ વધુ અંકાય છે. માણસે પોતાનું મહત્વ કેટલું રાખવું તેના પોતાના હાથમાં છે.સારા રહેવું, નમ્ર રહેવું, પ્રામાણિક રહેવું સહેલું નથી. .અગર સહેલું હોત તો પછી સતયુગ પછી સતયુગ.. પછી સતયુગ જ ચાલતો રહેત !! બીજા કોઈ યુગનું નિર્માણ થયું જ ન હોત ! સારા બનવા માટે સમગ્ર જીવન બદલવાની જરુર નથી ફક્ત દ્રષ્ટિકોણ, હકારાત્મક અભિગમ અને સાનુકૂળ

જીવન શૈલી ને નવો ઓપ આપવો જરુરી છે !! ઈશ્વરે સૌને

જીવન તો આપ્યુ, સૌ પોતાની યથા શક્તિ, બુધ્ધિ ચાતુર્ય થી જીવે છેસંઘર્ષ, પ્રયત્નો, મથામણો, સફળતાનો આનંદ, નિષ્ફળતા નો ગ્લાનિ ભાવ, આશા નિરાશા નાં તાણાવાણા વચ્ચે ઝોલાં ખાતો દરેક સ્થિતીનો અનુભવ કરે છે. એકંદરે પ્રત્યેક મનુષ્ય મહાન મુનિ 'વ્યાસ' વિનાનું મહાભારત  અને તેની મનોભૂમી. કૃષ્ણ વિનાનું કુરુક્ષેત્ર છે !!! હર એક ને ઈચ્છા અનુસાર જીવનનું ક્ષેત્ર.. કે ક્ષેત્રફળ...કે શ્વાસોના ગણિત નું કોઈ નિશ્ચિત સમિકરણ મળતું નથી !!!  મૃત્યુ એ જીવન નું અંતિમતમ પૂર્ણ વિરામ છે કે નવપલ્લવિત જીવનનો અભિમંત્રિત પ્રારંભ?? એ વિષય તત્વજ્ઞાનીઓ ને મુબારક !! મૃત્યુ માત્ર શાંત, નિરવ, મળે, અંતિમ નિર્ણાયક વેળાએ કોઈ અબળખા, ઓરતાં, વાસના, મનોરથો, કોઈ વળગણ ન પજવે.. મૃત્યુ એ જીવનની નવલકથાના અંતિમ ઉપસંહાર નો આલ્હાદક રસપ્રદ ફકરો હોય !! બસ એવું મૃત્યુ મળે તો સમજવું કે જન્મારો સફળ થયો !!!

અંતિમ સમયે માનસિક વલોપાત, તરફળાટ થાય તે સ્વાભાવિક છેપણ આ જીજીવિષા અને મિથ્યા વળગણો થી જાતને જેટલાં મૂક્ત અળગાં રાખી શકાશે એટલી મૃત્યુ સમયે સહજતા રહેશે !!

અંત સમયે મનોમસ્તિષ્ક માં કોઈ મિથ્યા કોલાહલ હું નથી ઈચ્છતોશરિરની ભિતર રહેલી નસો નાં ધોરીમાર્ગ પર ધમધમાટ વહેતાં રુધિર નો કોઈ શોરકે હ્રદયના કર્ણક-ક્ષેપકના કારખાનામાં ઊઘાડ-બંધ થતાં વાલ્વ નો ઘોંઘાટ પણ મારા મૃત્યુ ના માર્ગમાં કોઈ વિક્ષેપ ન નાખે એમ ઈચ્છુ છું!! બસ એક સૂરીલી વાંસળી નાં ૠજુ, મનમોહક સ્વર સમો બ્રહ્મનાદ જ મારાં કાનમાં સંભળાય !....

સંપૂર્ણ પણે નિરવતા નાં આશ્લેષ જ રોમે રોમ માં સ્પંદિત થાય.અને બસ એજ ઘડીએ ધન ભાગ્યધન્ય ઘડી એ પાંપણો

વિંચાયએથી રુડુ શું ?!!!

પ્રતિક્ષા નો પણ એક અનોખો ચાર્મીખુબસૂરતી હોય છે ! એનું પણ એક આગવું સૌન્દર્ય છે ! પ્રતિક્ષા એ જીજીવિષા નો ઓક્સિજન છે. પ્રતિક્ષા આકાંક્ષા ની જીવાદોરી છે ! પ્રતિક્ષા કરતી દરેક વ્યક્તિ માં છેવટે તો એની ભિતર ' શબરી ' નો વંશકે અંશ

હોય છે જ ! લાગે છે, આપણે બધાં કોઈ વિશાળ અરિસા નાં નગરમાં બેઠાં છીએ..ઘણી વાર આપણે આપણાં પ્રતિબિંબો નો સીધો

મુકાબલો કરવાનો હોય છે !! એવું પ્રતિત થાય છે કે આપણી ચારેકોર આપણાં જ પ્રતિબિંબોની જ ભીડ જામેલી છે !

પ્રતિક્ષા એ સાશ્વત પ્રક્રિયા છે. યુગોથી એનું અસ્તિત્વ નિર્વિવાદ પણે અકબંધ છે.એક પ્રતિક્ષા પૂરી ન થાય ત્યાં અન્ય પ્રતિક્ષા એનું સ્થાન અચૂક લઈ લે છે !...પ્રેમીને પ્રિયકર નીભક્તો ને ભગવાન નીગરિબને તવંગર બનવાનીતવંગર ને, અમર્યાદિત સત્તા, કિર્તીની, અને તેનાથી વધુ અસિમ ઐશ્વર્ય ની!.... ભૂખ્યા ને રોટીની,બેકારને નોકરી નીદર્દીને પીડામાંથી મૂક્તિ નીરાત્રિ ને સવારનીસવારને ચાંદની મઢેલ રાત્રિ ની ! .ચકોર ને ચાંદની નીમોરને મેઘાનીચાતકને સ્વાતિ-બુંદ ની !! સૂકી મઠ ધરતી ને વર્ષા ની ....નદી-ઝરણાં ને સાગરની .કોમળ પૂષ્પો અને પાન ને ઝાંકળ બિંદુ ની અને ઝાંકળ બિંદુ ને મેઘધનુષ ની!....ખૂબ આતુરતા પૂર્વકની ----

તિવ્રતમ પ્રતિક્ષા હોય છે!!!!!

અંતે, આશાની વેલ પર---- પ્રતિક્ષા સદા વિંટળાઈ ને,  દૂર સુદૂર ઓલી ક્ષિતિજ તરફ મિટ માંડી .નજરની ફૂટપટ્ટીથી મંઝિલ નાં અંતરને માપવાની મિથ્યા કોશિશ કરતી જ રહે છે !!!!!


**જગદીશભાઈ મિસ્ત્રી.ખલિફ**
**એ-૬ / ૫૦૩ , મંગલા ગ્રિન્લ, મંગલા માર્વેલ પાછળ.**
**તરસાલી, વડોદરા.** મોઃ ૬૩૫૪૨૦૯૯૧૭






# ઉત્તરકાશી પૂ. મોરારિબાપુ રામકથા સર્જકયાત્રા એક માનસિક અનન્ય અનુભૂતિ...

**નટવર આહલપરા**

ઉત્તરકાશીમાં પૂ. મોરારિબાપુના વ્યાસપદે તેમના દાદાજીના દેશમાં વિશ્વનાથ મહાદેવની કૃપાથી તા. ૦૨-૧૧-૨૦૧૯ નવદિવસીય રામકથા-સર્જકયાત્રામાં ગુજરાતનાં ૨૬૦ સર્જકોમાં પૂ. બાપુ તરફથી મને પણ આમંત્રણ મળ્યું હતું. નવદિવસ કયાં પસાર થયાં તેનો ખ્યાલ સુદ્ધા ન રહયો. ન કોઇ વિઘ્ન કે ન કોઇ અડચણ વચ્ચે પુ. બાપુની નિશ્રામાં કથા, શ્રવણ ઉપાંત સાંજે પ્રથમ પરિચય સંગોષ્ઠિ, બીજી સંગોષ્ઠિમાં કાવ્યપાઠ શિવલિંગ હોટલનાં પટાંગણમાં યોજાયા હતાં.

વરસાદને કારણે બે સંગોષ્ઠિ કથામંડપમાં યોજાઇ હતી. કવિઓ, વાર્તાકારો, લઘુકથાકારો, ટૂંકીવાર્તા-ચિત્ર, નાટકના તેમજ ગુજરાતી સાહિત્યના વિધવિધ પ્રકારનાં સર્જન કરતાં યુવા તેમજ પ્રતિષ્ઠિત સાહિત્યકારોએ ઉત્તરકાશી, કથા શ્રવણ કરી ઉપરાંત હરદ્વાર ગંગોત્રી અને બદ્રીનાથ વ. ધર્મસ્થળોએ યાત્રા કરી માનસિક અનન્ય અનુભૂતિ કરી હતી.



નવદિવસીય કથામાં પૂ. બાપુએ કહેલાં કેટલાક અમૃતઅંશો પ્રસ્તુત છે.

(૧) ગંગાજળ પીઉં છું પણ મારાં તલગાજરડાના ગઢકુઆનુંપાણી પીઉં છું કારણ મારા માતા ત્યાંથી પાણી ભરીને લાવતાં હતાં. (૨) જીવનમાં મૃત્યુ પહેલા સાત સોપાનો જાણી લેવા જોઇએ :૧: સત્ય :૨: મતિ :૩: નિષ્ઠા :૪: શ્રદ્ધા :૫: વિજ્ઞાન :૬: સુખ :૭: ભૂમા સોપાન છે. (૩) શઠ, ખલ અને દુર્જનને પ્રણામ કરવા જોઇએ. (૪) પરિવારમાં સુત્રધારે ઉદાસ ન થવું. (૫) હાથીની સૂંઢ બંદુકનું નાળચું, ધનુષ્યનું ઝુંકવું વિનમ્રતા સૂચક છે. (૬) એક ગવર્નરે પૂ. બાપુને પોતાના પરિચયમાં એક ગવર્નરે હતું કે, ગવર્નર ના બનુંતો કાંઇ નહીં નર બનું તો સારું (૭) વિચારને ન રોકો, વહેવા, વ્યકત થવા દયો. શ્રદ્ધાના વિષયમાં તર્ક ન કરવા જોઇએ. (૮) હું કોઇને મંત્ર નથી આપતો પણ પ્રસન્નતા આપું છું. (૯) યોગીઓ કથામાં સુએ અને રાતે જાગે છે. (૧૦) નિંદકના ઘરેથી ભિક્ષા પણ ન લેવી. (૧૧) તમામ બિમારીની ઔષધી કથા છે. (૧૨) દીકરા, વહુ પોતાના માતા-પિતાને, સાસુ અને સસરાને ત્રણ વાત મૃદુવાણીથી કહી શકે છે :૧: સુઇ જાઓ :૨: ખાવું પડશે :૩: દવા લઇ લ્યો (૧૩) કોઇનામાં દોષ, ક્રોધ વિના ન દેખાય (૧૪) ક્રોધ ન કરો, ક્રોધથી વિકાસ નહીં રકાસ થાય છે. (૧૫) લોભી માણસ ક્રોધ નથી કરતા (૧૬) ક્રોધને ઇન્ગોરાયનમઃ કરો (૧૭) હરિનામ વિનાની વિદ્યા વિધવા છે. (૧૮) ભાગીરથી નદીમાં હું માનસિક સ્નાન કરું છું. (૧૯) કથાકારને ન જુઓ તેની વ્યકિતમત્તા જુઓ. (૨૦) પરોપકાર વ્રત નહીં સ્વભાવ હોવો જોઇએ. (૨૧) વ્યવહાર માટે સંગઠનની જરૂર છે પણ પારમાર્થિક એકલ નષ્ઠિ સાધના, એકાંત આવશ્યક છે. (૨૨) માણસને પારખો નહીં ચાહો. (૨૩) શાખા કપાય તો ભલે કપાય વૃક્ષનું મૂળ ન કાપવું જોઇએ. (૨૪) ભીડમાં ધ્યાન કયાંથી આવે ? (૨૫) સંસારમાં જે વારંવાર રડે તે બેસૂરા હોય છે પણ પ્રેમમાં રડે તે સૂરીલા હોય છે. (૨૬) હાથીએ કૂતરા સામે ભિક્ષા ન મગાય (૨૭) રામ શીલવાન હતા. રાવણ બળવાન હતા. (૨૮) સ્વીકાર કરનાર માણસ સમજદાર હોય છે. (૨૯) નિષ્ફળતામાં પણ જીવતાં શીખી લ્યો. (૩૦) પ્રભુ, હમારે અવગુણ ચિત્ત ધરો. (૩૧) આદમીનું મનોબળ મજબુતબને તો શિલ ઉજ્જવળ બનશે. (૩૨) જીવનમાં ધ્યાન રાખવું, બીવું નહીં. (૩૩) નિંદા કરવી અને સાંભળવી પાપ છે. (૩૪) કોઇને જરા પણ ખોટું ન લાગે તે વિવેક છે. (૩૫) જેને સદાય ભજનનો આહાર હોય તે બિમાર ન પડે. કબીર કયારેય બિમાર પડયા ન હતાં. (૩૬) ગુરૂના ગોળાનું પાણી પીવું એ પણ એક સ્વાધ્યાય છે.

(૩૭) કોઇપણકળા શિવ ભવર છે. (૩૮) યાદ ખંડિત થાય છે, સ્મરણ ખંડિત ન થાય તેલ ધારામાં વહે છે. (૩૯) સાહિત્ય એવું હોવું જઇએ જે કોશિયાને પણ સમજાય. (૪૦) સતયુગમાં ધ્યાન, પરમતત્વની અનુભૂતિ થતી, ત્રેતામાં યજ્ઞ, દ્વાપરમાં પુજા-અર્ચન અને કળિયુગમાં કેવળ નામ સ્મરણ, રામ સ્મરણ ઉગારશે (૪૧) પરમ વૈશ્નવ શિવના ઉપાસક હોય છે. (૪૨) યજ્ઞ બલિદાન માટે ન હોય પણ દાન માટે હોય છે. (૪૩) વ્યકિતત્વ ત્રણ પ્રકારનાહોય છે :અઃ રાજર્ષિ :બઃ સાત્વિક :કઃ તામસી (૪૪) શબ્દ બ્રહ્મ છે તેની સાથે છેડછાડ ન કરાય. (૪૫) ગુરૂના મુખમાંથી શબ્દ નીકળે તો પરબ્રહમ થઇજાય. (૪૬) મિલાવટ વિના સજાવટ થતી નથી જેમ કે રંગોળી (૪૭) મંત્ર ગ્રંથમાંથી લઇ શકાય છે. (૪૮) રામ વિના આરામ નથી. ભવનો નાશ ભકિત ભાવ વધારો એટલે થાય. (૪૯) ધરા માત્ર ધાન માટે નહીં સમાધાન માટે પણ છે. (૫૦) કથા-જનરંજન, વેદરંજન, મનરંજન કરી આંખ ખોલે, આંખ બંધ કરે છે. (૫૧) મૌન સાચું હોય છે, વચનનો મહિમા છે. (૫૨) જ્યારે આપણી સાથે ભકિત નથી હોતી ત્યારે શંકા જન્મી છે. (૫૩) શાસ્ત્ર માટે જન્મોની સાધના જોઇએ. (૫૪) સાધુ એટલે વિવેક, વિનોદ. (૫૫) રમવું હોયતો વિશાળતામાં રમો, ખાબોચિયામાં નહીં. (૫૬) બાળકની કાલીઘેલી ભાષા આપણને મુદિત કરે છે. (૫૭) હું ગંગા મૈયાને, કાશી વિશ્વનાથને અને ગુર્જરી ગંગ લઇ આવનાર સર્જકોને મારી માનસિક વંદના કરું છું. (૫૭) તુલસી ચોપાઇ ઔષધિ છે.

ઉત્તરકાશીના યજમાન આદરણીય શ્રી રમાભાઇ બાજોરીયાજી તેમજ સંયોજકો શ્રી હરિશ્ચંદ્રભાઇ જોશી અને શ્રી વિનોદભાઇ જોશીને પણ ખુબ ખુબ અભિનંદન અને વંદના.

આમ પૂ. બાપુની અમૃતવાણીનો અનન્ય અલભ્ય લાભ સૌ સર્જકોને, શ્રોતાઓને પ્રાપ્ત થયો હતો.

# જામનગરના પ્રવીણભાઇને ૭૫ વર્ષની વયે એથલેટીકસમાં ગોલ્ડ મેડલ

## ૨૦ વર્ષની વયથી આજની તારીખે નિયમિત ક્રિકેટ રમે છે



જામનગરના પ્રવીણભાઇ વડગામાએ ૭૫ વર્ષની વયે પણ યુવાનોને શરમાવે તેવું પ્રદર્શન ઉપલેટામાં યોજાયેલ માસ્ટર એથલેટીક ભાગ લઇને કર્યું છે. પ્રવીણભાઇએ ૧૦૦ મીટર - ૨૦૦ મીટર દોડમાં તેમજ લોંગ જમ્પમાં પ્રથમ સ્થાને આવીને ત્રણ-ત્રણ ગોલ્ડ મેડલ મેળવવાની અનેરી સિદ્ધિ હાંસલ કરી છે. ૭૫ થી ૮૦ વયના જુથ માટેની સ્પર્ધામાં તેમણે ભાગ લીધો હતો. જામનગર ગુર્જર સુતાર સમાજનું ગૌરવ જ નહીં સમગ્ર સુતાર સમાજના ગૌરવ સમા પ્રવીણભાઇ હવે ૯ ફેબ્રુઆરી-૨૦૨૦માં મણીપુર ખાતે યોજાનાર ઓલ ઇન્ડિયા કક્ષાની રમતગમત સ્પર્ધામાં ભાગ લેવા જશે.

જામનગરમાં રણજીતસાગર રોડ પર ગજ્જર રેડીયોના નામની રેડિયો ટીવી રીપેરીંગની દુકાન ધરાવતા પ્રવીણભાઇ વડગામા 'વિશ્વકર્મા વિશ્વ' સાથેની વાતચીતમાં કહે છે, હું વર્ષોથી સાયકલ જ ચલાવું છું એક વાર પણ એથલેટીકસમાં ભાગ લીધો ન હતો. ઉપલેટામાં પ્રથમવાર જ ભાગ લીધો અને પ્રથમ સ્થાન મેળવ્યું. આ પહેલા સાયકલ સ્પર્ધા હતી. જેમાં અઢી કલાકમાં ૩૬ કિલોમીટર કાપવાનું હતું. પ્રવીણભાઇએ માત્ર ૨ કલાકમાં આ અંતર કાપ્યું હતું. આ માટે ડીએસપીએ સ્ટેજ પર બોલાવી ખાસ અભિનંદન આપ્યા હતા.

પ્રવીણભાઇ વિશ્વકર્મા વિશ્વને કહે છે, હું ૨૦ વર્ષનો હતો ત્યારથી ક્રિકેટ રમું છું. અમારી ૪૦ જણાની ટીમ છે અને ક્રિકેટની સ્પર્ધામાં પણ ભાગ લીધો હતો.

રમતગમતની અન્ય પ્રવૃત્તિઓમાં પણ પ્રવીણભાઇ રસ લે છે. તાજેતરમાં દરેડની એક સ્કુલમાં રસ્સી ખેચની સ્પર્ધા હતી. જેમાં પણ તેમની ટીમ વિજેતા થઇ હતી.

પ્રવીણભાઇ વડગામાને સંલગ્નમાં બે દિકરી છે. જેઓની એક હિનાબેન પારૂલબેન પંચાસરા રાજકોટ છે. બીજી દીકરી જીજ્ઞા દિપકભાઇ ભાલારા સિકકા હતી. પરંતુ હવે જામનગર શિક્ષિકાની નોકરી મળતા હાલ જામનગર છે. જીજ્ઞાના પતિ દિપકભાઇ ભાલારા એડવોકેટ છે.

# શૂન્યમાંથી સર્જન કરી ઓડી સુધીની સફર ખેડનાર ઉદ્યોગ સાહસિક : શ્રી રસિકભાઈ ખાણધર



## રાજકોટને કિચનવેર અને હાર્ડવેરનું હબ બનાવવામાં અમૂલ્યો ફાળો આપનાર વાઈબ્રન્ટ મેટલટેક પ્રાઈવેટ લીમીટેડ

શ્રી રસીકભાઇ ખાણધરે મિકેનીકલ એન્જિનિયરીંગ કરેલ છે તેઓ એન્જિનિયરીંગ ફિલ્ડનો ૨૫ વર્ષનો બહોળો અનુભવ ધરાવે છે એટલે એજયુકેશન અને અનુભવ જયારે ભળે ત્યારે સોનામા સુગંધ ભળે તેવું પણ કહી શકાય. વાઈબ્રન્ટ મેટલટેક પ્રા.લી. છેલ્લા ૧૩ વર્ષથી કાર્યરત છે. જે હાલ વેરીટો બ્રાન્ડના જાણીતા નામથી માર્કેટમાં જાણીતા છે તેમના અતિ હાઈટેક, પાવરફુલ અને આધુનિક મશીનરી તથા કુશળ અને બહોળો અનુભવી ઈજનેરો અને કારીગરો દ્વારા વિવિધ પ્રકારના એસ.એસ. કિચન બાસ્કેટ, કિચન એસેસરીઝ, બાથરૂમ એસેસરીઝ તેમજ એસ.એસ. એલ્યુમિનિયમ લેડર (સીડી ઘોડા) બનાવે છે. જેમણે ભારતમાં સૌપ્રથમ સ્કવેર પ્રોફાઇલ ફુલ શીટ પરફોરેટેડ કિચન બાસ્કેટમાં નવી ઇનોવેટીર રેન્જ ડેવલપ કરેલ છે. તેમજ તેમના દ્વારા પરફોરેટેડ કિચન બાસ્કેટ અલગ અલગ ૭ (સાત) ડિઝાઇનમાં ઉપલબ્ધ છે. તેમજ ૬ (છ) પ્રકારની બાથ એસેસરીઝનું મેન્યુફેકચરીંગ કરે છે જે માર્કેટમાં વેરીટો બ્રાન્ડ જાણીતી છે વેરીટો બ્રાન્ડની બધી જ પ્રોડકટસ હાલના સમયની ગ્રાહકોની જરૂરીયાતોને ધ્યાનમાં લઇને લેટેસ્ટ અને આકર્ષક ડીઝાઇન અને ટ્રેન્ડ મુજબ બનાવવામાં આવેલ હોય છે.

VERITO®
Kitchenware & Hardware Hub
કિચન બાસ્કેટ | કિચન એસેસરીઝ | બાથરૂમ એસેસરીઝ



### રસીકભાઈ ખાણધર ઉદ્યોગપતિ હોવા છતાંય સામાજિક દાયિત્વની પણ જવાબદારી નિભાવે છે

રાજકોટ ખાતે વિશાળ કિચનવેર અને હાર્ડવેરનું હબ ઉભું કરનાર વાઈબ્રન્ટ મેટલટેક પ્રા.લી.ના ડાયરેકટર રસીકભાઈ અન્ય ઘણી બીજી સમાજ ઉપયોગી સેવાના ભગીરથ કાર્યો સાથે જોડાયેલ છે જેવી કે તેમણે ૧,૧૧૧ વૃક્ષારોપણ કરી તેના ટ્રી ગાર્ડ તેમજ જરૂરી ખાતર પાણી જેવી માવજત કરી ૧ વર્ષ સુધી છોડનું જીવની જેમ જતન કરેલ છે. તેમણે જુદી જુદી જગ્યાએ ૧૧થી વધુ મહારકતદાન કેમ્પનું આયોજન કરી. ૯,૦૦૦થી વધુ બ્લડ બોટલ એકત્રીત કરી જરૂરીયાતમંદ દર્દીઓને નિઃશુલ્ક સેવા આપેલ છે. બીજી નવીનતાની વાત એ છે કે બ્લડ ડોનેટ કરાવવામાં નાત જાત કે કોઇ ધર્મ જોવામાં કે જાણવામાં કયારેય આવતો નથી રસીકભાઇની કંપની દ્વારા ગરીબ દર્દીઓને ફ્રીમાં જેના ઘરમાં એલ.ઇ.ડી. ટીવી ન હોય તેવા દર્દીઓને આ નિઃશુલ્ક સેવાનો લાભ મળી શકે અને એમ્બ્યુલન્સ સેવા પણ પુરી પાડવામાં આવે છે તેમજ રાજકોટના સ્લમ વિસ્તારના જરૂરીયાતમંદ વ્યકિતના ઘરોમાં રાશન તથા કપડા, મેડિકલ સહાય તેમજ શિક્ષણ ક્ષેત્રે પાઠયપુસ્તકો અને નોટબુકસ સહિતની બીજી ઘણી બધી નાની મોટી જીવન જરૂરી વસ્તુઓ પણ પુરી પાડવામાં આવે છે. વાઇબ્રન્ટ મેટલટેક પ્રા.લી.ના ડાયરેકટર રસીકભાઇના કહેવા મુજબ પોતાના જીવનકાળના ૪૫ વર્ષ દરમ્યાન તેઓએ તેમના પરિવાર માટે ખર્ચ કર્યા હવે તે સમાજના લોકોનું હિત અને ભલુ થાય તેવા કાર્યો કરવા ઇચ્છુક છે કે જો ભારત સરકાર અને ઘણી બધી એન.જી.ઓ. વિકલાંગ અને દિવ્યાંગ ભાઇઓ-બહેનો માટે આટલી સહાય આપે છે તો તેઓ પણ એક સમજદાર અને જવાબદાર નાગરીક તરીકે દેશભરમાં આ કાર્ય કરવા એટલો બધા સક્ષમ નથી પણ તેઓ આપણા શહેરના વિકલાંગ અને દિવ્યાંગ ભાઇઓ-બહેનો માટે સારી પ્રોડકટની એમ.આર.પી. પર ૫૦ ટકા જેવી ડિસ્કાઉન્ટ આપી નજીવા માર્જીનથી સહાયરૂપ બનવા પુરતો પ્રયત્ન  કરે છે.

અને આ ભગીરથ કાર્ય ચાલુ કરવાનું ટુંકા સમયમાં વિચારી રહયા છે. રસીકભાઇની આ ખરેખર ઉદારતા અને વિચાર શકિતને દાદ આપવા લાયક છે એક નાના એવા ગામ ભાણવડથી આવીને લોકોના જીવનમાં પ્રેરણાના સ્રોત અને જીવનના સાચા પથદર્શક બનેલા, શુન્યમાંથી સર્જન કરનાર વાઇબ્રન્ટ મેટલટેક પ્રા.લી.ના ડાયરેટકર રસીકભાઇને ખુબ ખુબ અભિનંદન કે જેઓ ગ્રાહકોને હંમેશા આજના હાઇટેક યુગ અને સમયની જરૂરીયાત મુજબની ઇનોવેટી પ્રોડકટ તેમજ વ્યાજબી ભાવ અને તેનુ સાચુ વળતર આપવાનું તેમજ ગુણવત્તાની અને રીલાયેબલ સર્વિસની ખાતરી પુરી પાડવાનો મુખ્ય ધ્યેય ધરાવે છે.


કિચનબાસ્કેટ, કિચન એસેસરીઝ, બાથરૂમ એસેસરીઝ

**સૌરાષ્ટ્ર-કચ્છમાં ડિલર્સ અને ડિસ્ટ્રીબ્યુટર્સ નીમવાના છે...**

**વાયબ્રેન્ટ મેટલટેક પ્રાઈવેટ લિમિટેડ**

દ્વારકાધીશ એસ્ટેટ, ઘનશ્યામ ઈન્ડ. એરીયા-૨, વિરાણી અઘાટ, ઢેબર રોડ(સાઉથ), રાજકોટ.

મો. ૯૭૨૫૧ ૩૨૦૩૧, ૭૨૮૪૮ ૫૮૬૮૭

E-mail : vibrantmetaltech@gmail.com

# રાજકોટના ડો. હાર્દિક ભાડેશિયા M.S. યુનિ.માં આસી. પ્રોફેસર બન્યા



ભાડેશિયા પરિવારમાંથી જ નહીં સમગ્ર વિશ્વકર્મા પરિવારમાં આવી નિમણુંક પામનાર ડો. હાર્દિક પ્રથમ : સૌ. યુનિ.ના ઉપકુલપતિ ડો. દેવાણી, ગુજરાતી ભવનના વડા ડો. નીતિન વડગામા સહિતના મહાનુભાવો દ્વારા અભિનંદનની વર્ષા

કવોલીટી એજયુકેશન માટે જાણીતી અને એ ગ્રેડની મહારાજ સાયજીરાવ યુનિવર્સિટી ડીપાર્ટમેન્ટ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિભાગમાં આસી. પ્રોફેસર જેવી મહત્વની જગ્યા માટે રાજકોટના ડો. હાર્દિક ભાડેશિયાની પસંદગી થઇ છે અને તેમણે પોતાનો ચાર્જ સંભાળી લીધો છે. એમ.એસ. યુનિવર્સિટી જેવી પ્રતિષ્ઠિત યુનિવર્સિટીમાં સીધી આસી. પ્રોફેસરની નિમણુંક થવા બદલ તેમના પિતા ભરતભાઇ દયાળજીભાઇ ભાડેશિયા, માતા નયનાબેન (સિવિલ કોર્ટ-રાજકોટ), પત્ની નિકીતા, ભાઇજી પ્રવીણ ભાડેશિયા(વિશ્વકર્મા વિશ્વ), નીતાબેન, પાર્થ અને સમતા ભાડેશિયા ઉપરાંત અન્ય સગાસ્વજનોએ ખુશી વ્યકત કરી તેમના પર અભિનંદનનો વરસાદ વરસાવ્યો હતો.

ગુજરાતની યુનિવર્સિટીઓ પૈકીની નંબર વન એમ.એસ. યુનિવર્સિટીમાં આસી. પ્રોફેસરની જગ્યા માટે ગુજરાત તેમજ દેશભરના અન્ય રાજયોમાંથી આવેલ ૪૦૦ જેટલા ઉમેદવારોના ઇન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા. જેમાં રાજકોટના ડો. હાર્દિક ભાડેશિયાની પસંદગી થઇ હતી. એમ.એસ. યુનિવર્સિટીમાં સીધી આસી. પ્રોફેસરની નિમણુંક પામનાર ડો. ભાડેશિયા ફકત ભાડેશિયા પરિવારનાં જ નહીં સમગ્ર વિશ્વકર્મા પરિવારમાં પ્રથમ છે. ડો. હાર્દિક ભાડેશિયાએ ૨૦૧૮માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પીએચ.ડી. કર્યું હતું. તેમાં રાજકોટની ગીતાંજલી ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીમાં એસોશીએટ પ્રોફેસર તરીકે ફરજ બજાવી રહયા હતા.

ડો. હાર્દિક ભાડેશિયાએ A study on Invertors's Expected Rate of Return, Perfomane appraisal in Mutual Fund Companies : A comparative Study, Indian Stock Market સહિતના પાંચ પુસ્તકો લખ્યા છે. જે જર્મનના પબ્લીકેશન હાઉસ દ્વારા પ્રકાશિત થયા છે. તેમના પુસ્તકો એમેઝોન પર ઓનલાઇન પર વેચાય છે.

આવી સિદ્ધિ મેળવનાર ડો. હાર્દિક ભાડેશિયાને સૌ. યુનિ.ના ગુજરાતી ભવનના વડા ડો. નીતિન વડગામા, ડો. અનિલભાઇ અંબાસણા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઉપકુલપતિ ડો. દેશાણી, મેહુલભાઇ રૂપાણી, ગીતાંજલી ઇન્સ્ટી.ના જયોતિન્દ્ર જાની વગેરેએ અભિનંદન આપ્યા છે.

## વિશ્વકર્મા વિશ્વ

### સ્થળ સંકોચને કારણે...

**વિશ્વકર્મા સમાજના ગામેગામના સ્નેહમિલન, ધાર્મિક કાર્યક્રમો તથા સમાજના સમાચારોને પ્રાધાન્ય આપવા માટે વિશ્વકર્મા વિશ્વમાં નિયમિત પ્રગટ થતાં થેંકયુ જિંદગી, બાળવિશ્વ, રેસીપી, ઇડીયેટની અટ્ટારી તથા અન્ય લેખો સ્થળ સંકોચને કારણે સમાવેશ કરી શકાયેલ નથી.**

**- તંત્રીશ્રી**

# હેલ્લારો ફિલમ બનાવનારા ભાયું ને બાયુંને દર્શકોની ઘણી ખમ્મા!

ગીતા માણેક




આવડી વાયટું તો અમે કોઈ દી કોઈ ફિલમની નહોતી જોઈ. કોઈ પિકચર જોવા હાટુ સોમવાર્યથી બુકમાયશોમાં (ઇજ્ઞજ્ઞસળુતવજ્ઞૂ)દસ વખત આટાં નહોતા માયરા. જેવું દેખાયું કે નજીકની ટોકિઝમાં હેલ્લારો નો એકનો એક શો થાવાનો છે તે લપ દઈને એક-બે નહીં સાત-સાત ટિકિટું બુક કરી નાખી. ઘયરની દીકરીઉં ને બહેનપણીયું ને લઈને વેલા પોંચી ગયા તા અમેય ટોકિઝમાં.

પિકચર ચાલુ થયું ઇ પેલા ધક...ધક...ધક... તો એટલું થાયતું'તું કે ઇ ધબકારા બાજુવાળાને ય હંભરાયા હોત. અમે કાંઈ પિકચરના ઓલ્યા રિવ્યુ લખવાવાળા નથી કે એના એડિટિંગ ને સાઉન્ડ ને આર્ટ ડિરેક્શન ને ઇ બધા માટે અમારી કોમેન્ટું કરીએ પણ હા એટલું ખરું કે પિકચર જોતા-જોતા ને ટોકિઝમાંથી બહાર નિકયળા ત્યાં લગણ તો શેર લોહી ચડી ગયુંતું ને માથું તો એયને ગરવથી ઊંચુ થઈ ગયું તું. ખાલી બોલીવુડ નહીં હોલીવુડની ફિલમોની હારોહાર ઊભી રહી સકે એવી મારી માવડી મા ગુજરાતી ભાષાની આ ફિલમ છે. ને આજ પછી કોઈ દાડો કોઈ બોલતા નહીં હોં કે ગુજરાતી તો શું સા પૈસા ચાર ને ઇને કળા ને સિનેમામાં ખબર્યું નો પડે.

ગુજરાતી તરીકે તો અમે આ ફિલમના સ્પોટ બોયથી માંડીને ફિલમ બનાવવાળા અભિષેકભાઈને, પ્રતીક ગુપ્તા ને સૌમ્યભાઈને...હંધાય એટલે કે આખા હેલ્લારો ટીમના ઓવારણાં લઈએ જ છીએ પણ અસ્ત્રી જાત માયલી શક્તિની ને એના હૈયામાં ઉઠતા હેલ્લારાની જે રીતે તમે રજૂઆત કરી છે ઇને વધાવીએ નહીં તો ફટ્ છે અમને. ફિલમમાં કીધું છે એમ આ ફિલમ બનાવનારા બધાય ભાયાડામાં અસ્ત્રીનું હૈયું ન હોત તો આવી પિકચર બની જ ક્યાંથી હોત! આ પિકચર જોતા-જોતા આયખું ભીની થતી હતી ને હોઠના ખૂણા મલકાઈ પણ જાતા'તા પણ ફફડાટ હતો કે ફિલમના અંતમાં તમે અમને હૈયું ચિરાય જાય એવી વેદના કે ચોધાર આહુડાં (આસુંડા) તો નહીં પડાવોને. પણ તમે તો ભઈ કમાલ કરી. આયાં ઈ બધી વાતું કહીને અમારે આ ફિલમ જેમણે નથી જોઈ એને હંધુય કહી દઈને કાંય એમની મજા બગાડવી નથ.

અમારે તો બધાય ગુજરાતીઓને કેવા માગીએ છીએ કે આ ફિલમ ન જુઓ તો તમને તમારી માવડી મા એવી મા ગુજરાતી ભાષાના સમ છે. તમારે ત્યાં સારા પ્રસંગમાં સહકુટુંબ ને મિત્રવર્તુળને બોલાવો કે ના બોલાવો પણ આ ફિલમ જોવા લઈ જજો અને બિનગુજરાતી ઓળખીતા-પાળખીતાને ય લઈ જાજો ને પછી વટથી કહેજો કે બની છે તમારી ભાસામાં આવી ફિલમ કોઈ દી.

મા જગદંબા તમને બધાયને સાજા નરવા રાખે ને આવીને આવી ફિલમું બનાવવાની શક્તિ આપે.

# વર્ષોથી બોબીન અને ફીરકી બનાવવાના વ્યવસાયમાં સંકળાયેલ ભાવનગરનો અનોવાડીયા પરિવાર

**જયંતીભાઇ નગેવાડિયા**

ભાવનગરમાં ૧૯૬૮માં બાબુભાઇ મેઘજીભાઇ અનોવાડીયા એ લાકડાના બોબીન બનાવવાની શરૂઆત કરેલ. તે પરિવારનાં બાબુભાઇના પુત્રો આજે ૧૯૭૨ થી દિનેશ ઇન્ડસ્ટ્રીઝના નામે બોબીન બનાવવાની સાથે પતંગ ચગાવવા માટે વપરાતી દોરો વીટવાની ફીરકી પણ બનાવે છે તેમની વાત આજે જાણીએ.

ભાવનગરના બાબુભાઇ મેઘજીભાઇ અનોવાડીયાએ લગભગ ૧૯૬૮થી પ્લાસ્ટીકના દોરા વીટવા, પાટી બનાવવાના કાપડના દોરા, મચ્છરદાની જાળીની દોરા તેમજ પ્લાસ્ટીકના દોરડા માટે મશીનમાં વપરાતા બોબીન બનાવવાની શરૂઆત કરેલ અને ૧૯૭૨ થી આ પેઢીને દિનેશ ઇન્ડસ્ટ્રીઝનું નામ આપી બાબુભાઇના પુત્રો જોડાયા. જેમાં પ્રવીણભાઇ, અમૃતભાઇ, કનુભાઇ તથા લલિતભાઇ અનોવાડીયા. જેમાં હાલમાં પ્રવીણભાઇ વહીવટી કામકાજ સંભાળે છે જયારે બાકીના ભાઇઓ વર્કશોપ સંભાળે છે. વર્ષોથી લાકડાના બોબીન બનાવતા હતા પરંતુ ધીમે ધીમે સમયની સાથે લાકડુ મોંઘુ થવા સાથે પ્લાસ્ટીકનો વપરાશ વધતા અને તેમા પરિવર્તન કરતા ગયા અને આજે મોટાભાગના બોબીન



પ્લાસ્ટીકનાં બનાવે છે જેના માટે પ્લાસ્ટીક મોલ્ડીંગ માટે ડાય પણ પોતાના વર્કશોપમાં જાતે જ બનાવે છે અને તેના માટે જરૂરી ઓટોમેટીક પ્લાસ્ટીક મોલ્ડીંગ મશીન પણ વસાવી લીધું છે. અમુક બોબીનમાં પ્લાસ્ટીક પાઇપ પણ વપરાય છે. બોબીન ચાર ઇંચથી માંડી દશ ઇંચ સુધીનાં તેમજ અમુક સ્પેશ્યલ બોબીન ચૌદ ઇંચ સુધીના બનાવે છે. આ બોબીનમાં એલ્યુમિનિયમ બોબીન, વુડન બોબીન, ડબલીંગ બોબીન, પ્લાસ્ટીક બોબી તેમજ ટયુબ તથા રીંગ પણ બનાવે છે અને આજે આ ક્ષેત્રમાં તેમની સારી એવી નામના છે.

આ બોબીન બનાવવાની સાથે એક સીઝનલ કહી શકાય તેવો ધંધો પણ વર્ષોથી કરે છે તે છે પતંગ ચગાવવા માટે વપરાતી દોરો વીટવા માટેની લાકડાની ફીરકી પણ બનાવે છે.આ અંગે પ્રવીણભાઇએ કહયું આ સીઝનલ ધંધો છે. જે નવરાત્રીથી શરૂ કરીને ૧૪ જાન્યુઆરી સુધી એટલે મકરસંક્રાંત સુધીની સીઝન હોય છે તેથ અમો નવરાત્રીથી જ ફીરકી બનાવવાની શરૂઆત કરી દઇએ છીએ પહેલા તો ફકત લાકડાની જ ફીરકી બનાવતા પરંતુ હવે જમાનાની સાથે ફેરફાર થતા પ્લાસ્ટીકના ચકરડાવાળી ફીરકી પણ બનાવીએ છીએ. ફીરકીમાં ફકત લાકડાની ફીરકી, પ્લાસ્ટીકના ચકરડા બાકીનો ભાગ લાકડાનો,સ્ટીલની ડાંડલીવાળી વગેરે જાતની ફીરકી બનાવે છે. ફીરકીના બંને બાજુના મોટા ચકરડા બાવળના લાકડામાંથી બનાવવામાં આવે છે. જયારે હાથમાં પકડવા માટેની ડાંડલી સાગના લાકડાની બનાવવામાં આવે છે. અંદરના બે નાના સપોટ પણ બાવળાના લાકડામાંથી બનાવવામાં આવે છે. જયારે જેમાં બંને ચકરડાને જોડતી નાની સળીઓ વાંસમાંથી બનાવવામાં આવે છે. આ બધી નાની-મોટી, લાકડાની પ્લાસ્ટીક મળી વિવિધ જાતની લગભગ ૨૦ થી ૨૨ જાતની ફીરકી બનાવે છે.

આ ફીરકી બનાવવા માટે વર્કશોપની મોટાભાગની મશીનરી પોતે ખાસ રીતે બનાવેલ છે. ટર્નીંગ માટે કયાંય પણ લેથ મશીન કે સંઘેળો વપરાતા નથી દરેક કામ માટે ખાસ જાતના

## સમયની સાથે ફેરફાર કરી લાકડાની જગ્યાએ પ્લાસ્ટીકનો પણ ઉપયોગ કરવા લાગ્યા : ફીરકી ફીટીંગનું કામ ઘરના બૈરાઓ સંભાળે છે



કટ્ટરનો ઉપયોગ કરી ડાંડલી ટર્નીંગ કે વાસની સળી વગેરે બનાવવામાં આવે છે. દરેક કામ લગભગ એકયુરંસી સાથે ઝડપી રીતે તૈયાર થાય છે. આ કામમાં કારખાનામાં બહેનો તથા ભાઇઓ કારીગર તરીકે કામ કરે છે. જયારે ફીરકી ફીટીંગમાં ચકરડામાં સપોર્ટર બેસાડવા, ડાંડલી તથા સળી ફીટીંગ કરી તૈયાર કરવાનું કામ આ ચારેય ભાઇઓના ઘરના બૈરાઓ ઘરે જ ૨ થી ૪ કલાકનો સમય કાઢી હાથેથી હથોડી વાપરીને કરે છે. એક સીઝનમાં લગભગ ૧૦ થી ૧૫ હજાર ફીરકી બનાવે છે.

આ બધી ફીરકી ફકત ભાવનગરમાં જ સપ્લાય કરે છે ટ્રાન્સપોટેશન ખર્ચના કારણે અમદાવાદ કે સુરતમાં હરીફાઇમાં ટકવું મુશ્કેલ પડે માટે ભાવનગર પુરતી જ સપ્લાય કરે છે.

આમ પોતાના પિતાએ શરૂ કરેલ બોબીન બનાવવાનો વ્યવસાય આજે તેમના પુત્રોએ જાળવી રાખ્યો છે અને આજના જમાના પ્રમાણે ડેવલપ કરી અને આધુનિક મશીનનો ઉપયોગ કરે છે અને આ વ્યવસાય સાથે અને લગભગ તેમને મળતો આવતો ફીરકી બનાવવાનું પણ કામકાજ કરે છે.

જો કે આ અનોવાડીયા પરિવારની નવી પેઢી એટલે કે આ ચારેય ભાઇઓના પુત્રો મોટાભાગ શિક્ષિત છે અને તે પોતપોતાના અભ્યાસ પ્રમાણે વિવિધ નોકરીઓમાં જોડાયા છે.


છોટુભાઇ દામજીભાઇ વાલંભિયા
૯૭૧૪૭ ૮૮૮૫૭
મહેશભાઇ વાલંભિયા
૯૮૨૫૨ ૮૮૮૫૭
VB
મુકેશ વાલંભિયા
૯૭૧૨૯ ૮૮૮૫૭
ભાવેશ વાલંભિયા
૯૮૨૫૭ ૮૮૮૫૭
વાલંભિયા
બોડી બિલ્ડર્સ
દરેક જાતના ટ્રક બોડી, કેબીન
TATA S, TATA L.P.,
લેલન્ડ, ડમ્પરના સ્પેશ્યાલીસ્ટ

જકાતનાકા સામે, દેવાભાઇના ગેરેજની બાજુમાં,
વીરાણી અઘાટ, ઢેબર રોડ(સાઉથ), રાજકોટ.
ફોન : (ઓ.) ૨૩૭૧૦૭૯
ભુલો ભલે બીજું બધું પણ મા-બાપને ભુલશો નહી


# પુજીત ત્રાટીયા પિસ્તોલ શુટીંગ સ્પર્ધામાં પ્રથમ સ્થાને




રાજકોટની હરિવંદના કોલેજમાં એમ.કોમ.ના બીજા વર્ષમાં અભ્યાસ કરતા પુજીત જયેશભાઇ ત્રાટીયાએ તાજેતરમાં ફરીદાબાદ ખાતે યોજાયેલ ઓલ ઇન્ડિયા ઇન્ટર યુનિવર્સિટી શુટીંગ ચેમ્પયનશીપ ૨૦૧૯માં ભાગ લઇને પીસ્તોલ કેટેગરીમાં ૧૨૨ સ્પર્ધકોમાંથી ૭મું સ્થાન પ્રાપ્ત કરી અનેરી સિદ્ધિ હાંસલ કરી છે.

રાજકોટમાં જય ઇન્ટરનેશનલ સ્કુલમાં ૨૮ સપ્ટેમ્બર-૨૦૧૯નાં રોજ યોજાયેલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ઇન્ટર કોલેજ શુટીંગ ચેમ્પીયનશીપ-૨૦૧૯ના પ્રીતે પિસ્તોલ કેટેગરીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હોવાથી તેમને ઓલ ઇન્ડિયા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવાનો મોકો મળ્યો હતો.

આ પહેલા ૨૦૧૮માં પણ પ્રજીતે પિસ્તોલ શુટીંગ સ્પર્ધામાં પ્રથમ રેંક મેળવ્યો હતો.

પ્રજીતની આ સિદ્ધિ ક્રાફટ ઝોનવાળા પિતા જયેશભાઇ, માતા નીતાબેન, ભાઇ પ્રિતેશ, દાદા ઝવેરભાઇ, દાદી વિમળાબેન, કાકા ભાવેશભાઇ, કાકી ભાવનાબેન અને ભાઇ ઇશિતે અભિનંદન આપી પ્રજીત વધુને વધુ આગળ આવે તેવી શુભેચ્છા વ્યકત કરી હતી.



# ગોંડલ ખાતે નગેવાડિયા પરિવાર દ્વારા યજ્ઞ યોજાયો

## પ્રતિવર્ષ કારતક શુદ-૧૫ના રોજ સુરાપુરા દાદાનો યજ્ઞ યોજાય છે





સમસ્ત નગેવાડિયા પરિવારના સુરાપુરા દાદાનો યજ્ઞ ગોંડલ ખાતે તા. ૧૨-૧૧-૧૯ મંગળવારના રોજ ગોંડલની દેરાશેરીમાં આવેલ સુરાપુરાદાદા લાલજીબાપાનાં સ્થાનકે યોજાઇ ગયો.

સમસ્ત નગેવાડિયા પરિવારનાં ગોંડલમાં નદીકાંઠ સુરાપુરાદાદા મેઘજીબાપા તથા કલ્યાણજીબાપાનું સ્થાનક આવેલ છે તેમજ દેરાશેરીમાં સુરાપુરા દાદા લાલજીબાપાનું સ્થાનક આવેલ છે. આ સુરાપુરાદાદાનો યજ્ઞ પ્રતિવર્ષ કારતક સુદ-૧૫નાં રોજ યોજાય છે. આ વર્ષે કારતક સુદ-૧૫ને તા. ૧૨-૧૧-૧૯ મંગળવારના રોજ દેરાશેરીમાં આવેલ લાલજીબાપાના સ્થાનકે યોજાયેલ.

આ યજ્ઞમાં યજમાન તરીકે ડ્રોમાં ભાગ્યશાળી બનનાર બે પરિવાર (૧) શ્રીમતી રંજનબેન તથાશ્રી અનિલભાઇ ઇશ્વરભાઇ પરિવાર-વડોદરા તથા (૨) શ્રીમતી પુજાબેન તથા શ્રી રસીકભાઇ ગોકળભાઇ પરિવાર-રાજકોટ શાતક તરીકે બેઠા હતાં. આ યજ્ઞનો પ્રારંભ સવારે ૬-૩૦ કલાકે હેમાદ્રની વિધિથી કરવામાંઆવેલ અને બપોરે ૧૨.૩૦ કલાકે શાસ્ત્રીજી લાલુ અદા તથા મુખ્ય ભુદેવ પલુઅદા એ મંત્રોચ્ચાર સાથે સમસ્ત નગેવાડિયા પરિવારનાં પરિવારજનોની હાજરીમાં સુરાપુરાદાદાના જયઘોષ સાથે બિડુ હોમાયેલ.

યજ્ઞ બાદ બપોરે ૧ કલાકે સમસ્ત પરિવારે સમુહપ્રસાદ લીધો હતો. આ વર્ષે યજ્ઞમાં વિવિધ દાતાઓએ પોતાના અનુદાન નોંધાવેલ. જેમાં બપોરના સમુહ પ્રસાદ (ભોજન)નાં દાતાતરીકે રાજકોટનાં સ્વ. અમૃતલાલ પરસોતમભાઇ પરિવાર હસ્તે સુનીલભાઇ રહયા હતા. તેમજ સવારના ચા-નાસ્તો-ફરાળના દાતા તરીકે રાજકોટનાં રમેશભાઇ શાંતિભાઇ તથા આમંત્રણ કાર્ડના દાતા રાજકોટનાં સ્વ. જગજીવનભાઇ મનજીભાઇ પરિવાર હ. ભરતભાઇ રહયા હતાં. આ પ્રસંગે વિવિધ ગામ-શહેરોમાંથી પરિવારજનો પધાર્યા હતા. તેમજ ગોંડલ જ્ઞાતિના ટ્રસ્ટી અનિલભાઇ ગોવિંદીયા પણ હાજર રહયા હતા.

આગલા દિવસે આવનાર મહેમાનો માટે સાંજે રહેવા તથા જમવાની વ્યવસ્થા કરવામાં આવેલ. આ યજ્ઞના ધાર્મિક કાર્યક્રમને સફળ બનાવવા માટે સમસ્ત નગેવાડિયા પરિવારની યુવા કારોબારીના પ્રમુખ રાકેશભાઇ પોપટભાઇ, ઉપપ્રમુખ દર્શન પ્રવીણભાઇ, ખજાનચી પ્રદિપ રમેશભાઇ, મંત્રી સચીન જયસુખભાઇ તથા સહમંત્રી અંકિત જયંતીભાઇ તેમજ યુવા કાર્યકરો અમિત ભરતભાઇ, અમિત હરેશભાઇ, તુષાર લલિતભાઇ, સંદિપ જયસુખભાઇ, રાહુલ રસીકભાઇ, રાજુ અશ્વિનભાઇ, અંકુર અનિલભાઇ, ભાવેશ અશ્વિનભાઇ, નિતીનભાઇ રમેશભાઇ, સુનિલ નીતિનભાઇ તેમજ વડીલોની સલાહકાર સમિતિના સભ્યો અનિલભાઇ પ્રભુદાસભાઇ, હરેશભાઇ પ્રભુદાસભાઇ, રમેશભાઇ નારણભાઇ,મુકેશભાઇ શાંતિભાઇ, જયંતીભાઇ પરસોતમભાઇ તથા ભરતભાઇ જગજીવનભાઇએ જહેમત ઉઠાવી આ ધાર્મિક કાર્યક્રમને સફળ બનાવેલ.

# જીજ્ઞેશ દુધૈયા રનીંગ સ્પર્ધામાં ત્રીજા સ્થાને વિજેતા



અમદાવાદમાં ઓએનજીસીમાં ફરજ બજાવતા મુળ ગાંધીધામ કચ્છના જીજ્ઞેશ એસ. દુધૈયાએ ઉપલેટામાં નવેમ્બર ૧૫ થી ૧૭ દરમ્યાન યોજાયેલ ૩૭મી માસ્ટર એથલેટીકસ ચેમ્પિયનશીપ-૨૦૧૯માં ૩૫ થી ૪૦ વર્ષની કેટેગરીમાં ૫૦૦૦ મીટર રનીંગમાં ભાગ લઇ ત્રીજો નંબર મેળવ્યો હતો. ત્રીજા સ્થાને આવવા બદલ જીજ્ઞેશભાઇને સરકાર તરફથી મેડલ તથા સર્ટીફીકેટ એનાયત કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં ૩૫ થી ૯૫ વર્ષના લોકો ભાગ લઇ શકે છે.

# ગોંડલ : વિશ્વકર્મા જયંતી નવી તૈયાર થનાર વાડીમાં ઉજવાશે

## ગોંડલમાં જ્ઞાતિની વાડીમાં રીનોવેશન કામ માટે અનુદાન આપવા સમાજને અપીલ : કિશોરભાઇ ખંભાયતા (ડુનેક્ષ) દ્વારા ૧,૫૧,૦૦૦ અને અનિલભાઇ ગોવિંદીયા દ્વારા ૮૧૦૦૦નું અનુદાન

ગોંડલ ગુર્જર સુતાર જ્ઞાતિની ગોંડલમાં ૨૮, ભોજરાજપરામાં આવેલ જ્ઞાતિની વાડીમાં હાલ રીનોવેશનનું કામ ચાલું છે. આ ૪૦૦ વારની જગ્યામાં પહેલા ગ્રાઉન્ડ ફલોરમાં બે રૂમ, રસોડા સહિત કુલ ૧૨૦૦ ફૂટનું બાંધકામ કરવામાં આવેલ છે અને અન્ય કામ ચાલું છે.



**રવિકુમાર ભારદીયા હોલ માટે અમુભાઇ ભારદીયાનું રૂા. સાડા છ લાખનું અનુદાન**

આ રીનોવેશનમાં કામ દરમ્યાન રાજકોટના રવિ ટેકનોફોર્જ વાળા અમુભાઇ ભારદીયાએ વાડીની મુલાકાત લીધી હતી. અને જ્ઞાતિના ટ્રસ્ટી અનિલભાઇ ગોવિંદીયા અને પ્રમુખ જયસુખભાઇ નગેવાડિયાને કહયુ કે ઉપરના માળે આવડો જ ૧૨૦૦ ફૂટનો હોલ બનાવો. અને હોલનો અંદાજીત રૂા. સાડા છ લાખનો ખર્ચ આપવાની તૈયારી બતાવી. અમુભાઇ આ વાત જ્ઞાતિના અગ્રણીઓએ સ્વીકારી અને ઉપરના આ ૧૨૦૦ ફૂટના હોલનું નામ અમુભાઇનાં સ્વર્ગીય પુત્ર સ્વ. રવિકુમારની સ્મૃતિમાં રવિકુમાર ભારદિયા હોલ નામ આપવાનું નકકી કરેલ છે. સ્વ. ખીમજીભાઇ જેરામભાઇ ભારદીયા પરિવાર(હસ્તે અમુભાઇ ભારદીયા-રવિટેકનોફોર્જ વાળા-રાજકોટ)તરફથી રૂા. સાડા છ લાખનું અનુદાન જ્ઞાતીને મળી ગયેલ છે અને આ હોલનું બાંધકામ હાલ પુર્ણતાના આરે છે.

આ ઉપરાંત વાડીમાં ફળીયામાં ફેબ્રીકેટેડ સીલીંગ, ફલોર ટાઇલ્સ, વોલ ટાઇલ્સ, સંડાસ-બાથરૂમ, કલરકામ, ઇલેકટ્રીક ફીટીંગ સહિત કુલ રૂા. ૧૬ થી ૧૭ લાખના કામનો અંદાજ છે. અત્યાર સુધી દાતાઓ દ્વારા અંદાજે રૂા. ૧૩,૫૦,૦૦૦/-નું અનુદાન મળેલ છે. હજુ લગભગ પાંચેક લાખ રૂા.ની જરૂરીયાત છે તો જ્ઞાતિના ટ્રસ્ટી અનિલભાઇ ગોવિંદીયા તથા પ્રમુખ જયસુખભાઇ નગેવાડિયાની આ વાડીના રીનોવેશન માટે સમાજના દાતાઓને ઉદાર હાથે અનુદાન આપવા અપિલ કરવામાં આવે છે.

જ્ઞાતિને અત્યાર સુધીમાં મુખ્ય અનુદાન આપનાર દાતાઓની યાદીમાં રૂા. ૬,૫૦,૦૦૦/- સ્વ. ખીમજીભાઇ જેરામભાઇ ભારદીયા-રાજકોટ, રૂા. ૧,૫૧,૦૦૦/- કિશોરભાઇ ખંભાયતા (ડુનેક્ષ)-રાજકોટ, રૂા. ૮૧,૦૦૦ અનિલભાઇ ગોવિંદીયા (ટ્રસ્ટી)-ગોંડલ, રૂા. ૫૧,૦૦૦/- જયસુખભાઇ નગેવાડિયા(પ્રમુખ)-રાજકોટ, રૂા. ૫૧,૦૦૦/- સ્વ. અમુભાઇ નગેવાડિયા-રાજકોટ, રૂા. ૫૦,૦૦૦/- કિશોરભાઇ છત્રાલિયા-લંડન, રૂા. ૩૧,૦૦૦/- અમુભાઇ ભાડેશિયા-ગોંડલ, રૂા. ૨૫,૦૦૦/- સ્વ. વલ્લભભાઇ ભારદીયા-રાજકોટ તથા રૂા. ૨૧,૦૦૦/- સ્વ. છોટાલાલ ભાડેશિયા-ગોંડલ. આ ઉપરાંત બીજા ઘણા નાના-મોટા અનુદાનો જ્ઞાતિજનો દ્વારા મળેલ છે.

આ રીનોવેશનનું કામ આગામી વિશ્વકર્મા જયંતી પહેલા પૂર્ણ કરી આગામી વિશ્વકર્મા જયંતીની ઉજવણી આ નવી તૈયાર થનાર વાડીમાં કરવાનું નકકી કરવામાં આવેલ છે તો સમાજના દાતાઓને વહેલી તકે ઉદાર હાથે અનુદાન આપવા અપીલ કરવામાં આવે છે તેમ જ્ઞાતિના પ્રમુખ જયસુખભાઇ નગેવાડિયાની યાદીમાં જણાવાયું છે.

# ધ્રાંગધરિયા પરિવાર દ્વારા યોજાયુ સ્નેહમિલન

રાજકોટમાં વસવાટ કરતા ધ્રાંગધરિયા પરિવારનું સ્નેહમિલન તા. ૩/૧૧ના રોજ વિશ્વકર્મા કેળવણી મંડળ ખાતે યોજાયું હતું.

શ્રી ગુ.સુ. ધ્રાંગધરિયા પરિવાર દ્વારા યોજાયેલ સ્નેહમિલનમાં ૫૮૦ જેટલા ભાઇ-બ્હેનોએ ઉપસ્થિત રહી અને એકબીજાએ નવા વર્ષની શુભેચ્છાઓ આપ્યા બાદ સૌએ સ્વરૂચી ભોજનનો આસ્વાદ માણ્યો હતો.

કમિટી સભ્યો અનિલભાઇ બી, રીતેશભાઇ સી, જગદીશભાઇ, ચેતનભાઇ એન., બિનેશભાઇ આર., સંજયભાઇ બી., નલીનભાઇ, અશ્વિનભાઇ સી. અને અલ્કેશભાઇ આર. ધ્રાંગધરિયા વગેરેએ આયોજનને સફળ બનાવ્યું હતું.



# ભારદિયા પરિવાર દ્વારા યોજાયું સંગીતમય સ્નેહમિલન









શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિના શ્રી ભારદિયા પરિવાર-રાજકોટ દર વર્ષની જેમ આ વર્ષે પણ ૨૨ મુ સ્નેહમિલન, વિદ્યાર્થી સન્માન અને ગીત-સંગીત કાર્યક્રમ વિશ્વકર્મા કેળવણી મંડળના પટાંગણમાં યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમના મુખ્ય મહેમાન પદે વિદ્યાર્થીઓના ઇનામના સ્પોન્સર ધવલભાઇ શાંતિલાલ ભારદિયા ઉપસ્થિત રહેલ. મંચ પર અન્ય મહેમાનોમાં અંજારનાં હરેશભાઇ જેન્તીભાઇ ભારદીયા, પ્રમુખ અશોકભાઇ વલ્લભભાઇ, જ્ઞાતિ અધ્યક્ષ જગદીશભાઇ ભારદીયા, ખજાનચી નટુભાઇ મનસુખભાઇ ભારદીયા અને મંત્રી કમલેશભાઇ કેશુભાઇ ભારદીયા ઉપસ્થિત રહેલ.

કાર્યક્રમની શરૂઆત મહાનુભાવોનાં હસ્તે દિપ પ્રાગટયથી કરવામાં આવેલ અને કુ. અમી દ્વારા પ્રાર્થના રજુ કરવામાં આવેલ. ત્યારબાદ પરિવારનાં વર્ષ દરમ્યાન અવસાન પામેલા ભાઇ-બહેનોને બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલી આપવામાં આવેલ.

મુખ્ય મહેમાનનો પરિચય આપી તેમનું તથા બીજા મહેમાનોનું પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કરવામાંઆવેલ. તેમજ આ વર્ષે નવા વરાયેલા પ્રમુખ અશોકભાઇ વલ્લભભાઇ ભારદીયાનું હારતોરાથી સન્માન મંચ પરના મહાનુભાવો દ્વારા કરવામાં આવેલ.

નટુભાઇ ભારદીયા તથા કમલેશભાઇ ભારદીયાએ સંસ્થાની તથા બહારગામની પ્રવૃત્તિઓ વિશે માહિતગાર કર્યા હતા.

તેજસ્વી તારલા-વિદ્યાર્થીઓનું સન્માન કાર્યક્રમનું સંચાલન નટુભાઇ ભારદીયા દ્વારા કરવામાં આવેલ. ધો. ૧ થી કોલેજ સુધીનાં તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન મંચ પરના મહેમાનો અને કાર્યકર્તાઓ-મહેમાનો દ્વારા કરવામાં આવેલ. કુલ ૬૦ વિદ્યાર્થીઓને સન્માનીત કરવામાં આવેલ. ઇનામના સ્પોન્સર એસ.કે. એન્જિનિયર્સ અને ખીમજીભાઇ જેરામભાઇ ભારદીયા (લાંબા બંદરવાળા) પરિવારનાં ધવલભાઇ ઉપરાંત બીજા સ્પોન્સર ભરતભાઇ કેશવજીભાઇ તથા પ્રવીણભાઇ જમનાદાસ પણ સ્પોન્સર હસ્તે ઇનામ આપવામાં આવેલ.

આ પ્રસંગે જામખંભાળિયા કોલેજનાં પ્રોફેસર ભાવિક પંચાસરાઅને પ્રોફેસર હિના ભારદીયાએ વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક-મોટીવેશનલ પ્રવચન આપેલ. તેમજ અંજારના હરેશભાઇ ભારદીયાએ પ્રાસંગિક ઉદબોધન આપેલ.

ત્યારબાદ સૌ પરિવારજનો સાથે મળીને સમુહ ભોજનનો સ્વાદ માણેલ હતો. ભોજન બાદ હૈદરાબાદવાળા સુનીલ પંજવાણી, જીજ્ઞાબેન ગજજર દ્વારા નવી જુની ફિલ્મનાં ગીતો સમધુર કંઠે કરાઓકે સંગીત ઉપર રજુ કરેલ. સ્ક્રીન ઉપર ઓરીજનલ ગીતો પિકચરાઇઝ સાથે ગાવામાં આવેલ. કમલેશ ભારદીયા તથા ભરત ભારદીયાએ પણ ગીતો રજુ કરેલ હતા.

કાર્યક્રમને સફળ બનાવવા મુખ્ય સંયોજક - આયોજક એવા નટુભાઇ ભારદીયા - કમલેશભાઇ ભારદીયા ઉપરાંત અશોકભાઇ વલ્લભભાઇ, હરેશભાઇ પ્રભુભાઇ, ધરમશીભાઇ વેલજીભાઇ, કિરીટભાઇ કાનજીભાઇ, પ્રાગજીભાઇ રવજીભાઇ, દિપકભાઇ તુલસીભાઇ, પ્રાણલાલ ચતુરભાઇ, વિવેક અશોકભાઇ, સંજયભાઇ ચંદુભાઇ, પિયુષ દિપકભાઇ તેમજ અન્ય કાર્યકર્તાઓએ જહેમત ઉઠાવી હતી.

**અહેવાલ : નટુભાઇ ભારદીયા**

# ગજ્જર રાસોત્સવ માણવા સમગ્ર સમાજ ઉમટી પડયો

## ૮૦૦૦ ખેલૈયાઓ માટેનું ગ્રાઉન્ડ પણ નાનુ પડયું : યોગીન છનિયારાના નેતૃત્વમાં જીએચપી ગ્રુપનું શાનદાર-સફળ આયોજન



રાજકોટમાં ૨૦૧૫થી વેલકમ નવરાત્રિનું આયોજન કરતા રહેલા રાજકોટના ગુર્જર સુતાર હિતેચ્છુ પરિવાર દ્વારા આ વર્ષે સતત પાંચમાં વર્ષે વેલકમ નવરાત્રિને બદલે બાય બાય નવરાત્રિ-૨૦૧૯નું આયોજન કરવામાં આવ્યું હતું. જીએચપી ગ્રુપના પ્રમુખ યોગીનભાઇ છનિયારાના નેતૃત્વમાં વિરાણી હાઇસ્કુલના વિશાળ ગ્રાઉન્ડમાં યોજાયેલ. એક દિવસીય ગુર્જર સુતાર જ્ઞાતિ માટે ગજ્જર રાસોત્સવમાં રાસ ગરબાની રમઝટ બોલાવવા સમગ્ર સમાજનું યુવાધન ઉમટી પડયું હતું. આઠેક હજાર લોકોની ઉપસ્થિતિ વચ્ચે યોજાયેલ ગજ્જર રાસોત્સવમાં સમગ્ર સમાજ ઉમટી પડયો હોવાનું ચિત્ર ઉપસ્થિત થયું હતું.



ગજ્જર રાસોત્સવની લોકપ્રિયતા વધતા સમાજની વિશાળ ઉપસ્થિતિ હોવાથી સરસ વ્યવસ્થા જળવાય તે માટે ૮૦ જેટલા આયોજક મિત્રો અને ૫૦ના સિકયુરીટી સ્ટાફે સુંદર વ્યવસ્થા જાળવતા ગ્રાઉન્ડની એક લાખની વોટની સાઉન્ડ સિસ્ટમ, અદ્યતન મંડપ ડેકોરેશન, લાઇટીંગ, ફાયર શો વચ્ચે યુવાધનને રાસ ગરબાની રમઝટ બોલાવવા ભારે મજા પડી હતી.

મુંબઇના ઓરકેસ્ટ્રા સાથે મુંબઇના પ્રખ્યાત ગાયકો, એ ગીત-સંગીતની રમઝટ વચ્ચે એનાઉન્સર ભાવિશા વ્યાસે સૌને રમવામાં પાનો ચડાવ્યો હતો. પરિણામે પુનમબેન ગોંડલીયાએ મહેમાન તરીકે આવેલ પણ ગીત રજુ કરીને સૌને ભકિતમાં લીન કર્યા હતા.

ગજ્જર રાસોત્સવના આમંત્રણને માન આપી ગુજરાતી ફિલ્મ અભિનેત્રી અને ટીકટોક ગર્લ અંકિત દવે, મિસ ગુજરાત-૨૦૧૭ વિધિ ગજ્જરે પણ વિશેષ હાજરી આપી હતી.

આજકાલના તંત્રી ચંદ્રેશભાઇ જેઠાણી, પૂર્વ મેયર ડો. જયમનભાઇ ઉપાધ્યાય, ભાજપના મહામંત્રી દેવાંગ માંકડ, પંચશીલના ડી. કે. વડોદરીયા, ફાલ્કન ગ્રુપના વિજયભાઇ વેકરીયા, શૈલેષ સ્ટીલ ફોર્જના જયેશભાઇ સોરઠીયા, આશિષભાઇ વાગડીયા, વીએચપીના હરીભાઇ ડોડીયા, જીમ્મી અડવાણી, એએસઆઇ સંગીતાબેન જીંજુવાડીયા વગેરે ઉપસ્થિત રહયા હતા.

આયોજનને વિવિધ સ્પોન્સરોનો સહકાર મળ્યો હતો. જેમાં હાર્મની લેમીનેટના મહેશભાઇ સાવલીયા, ગણેશ કિચનવેરના સરીતભાઇ કણસાગરા, વાયબન્ટ મેટલટેક પ્રા.લી. વેરીટોના રસીકભાઇ ખાણધર, શંકરભાઇ હેમુભાઇ (હાર્ડવેર ખજાના), અનિલભાઇ વડગામા પ્રેસિટેક ટુલ્સ, બંટીભાઇ પટેલ (ઉમિયા મોબાઇલ), નાનુભાઇ સંચાણિયા (નેસ્ટ એન્ટરપ્રાઇઝ), ભુદરજીભાઇ સંચાણિયા (ભૂમિ એન્જિનિયર્સ), મુકેશભાઇ અને મહેન્દ્રભાઇ પંચાસરા (રૂપકલા એન્જી. પ્રા.લી.), હિરેન વડગામા (એઇસી બેરીંગ-જુનાગઢ), હિમાંશુ બામરોલિયા (ડેલાકોટઓપ્શન) હિતેશભાઇ ધ્રાંગધરિયા (બોનીટેક એન્જિનિયર્સ), પરેશભાઇ ધોરાજીયાનો સમાવેશ થાય છે.

અલગઅલગ રાઉન્ડ બાદ નિષ્ણાંત જજોએ ૧૨૦ ખેલૈયો વચ્ચે ફાઇનલ રાસ રમાડી વિજેતા જાહેર કર્યા હતા. ઉપસ્થિત મહાનુભાવો કેળવણી મંડળના અધ્યક્ષ કિશોરભાઇ જાદવાણી, જયંતિભાઇ તલસાણિયા, હરેશભાઇ ખંભાયતા સહિતના અનેક મહાનુભાવોના હસ્તે ૪૫ જેટલા વિવિધ ગ્રુપના વિજેતાઓને ઇનામો અપાયા હતા.

આયોજનને સફળ બનાવવા યોગીન છનિયારાના નેતૃત્વમાં જીએચપી ગ્રુપના ૧૫૦થી વધુ યુવાનોએ અલગ અલગ કમિટીઓમાં રહીને આયોજન સફળ બનાવ્યું હતું. તેમ યાદીમાં જણાવાયું છે.

# જુની ફોર્ટ વડગામા પરિવાર દ્વારા સુરાપુરા દાદા હવન-સ્નેહમિલન

જામખંભાળિયા-ભાણવડ રોડ પર વચ્ચેની બાજુ આવેલ જુની ફોર્ટ મુકામે તા. ૧૦-૧૧-૧૯ સવારે રાંદલમાતાજીના લોટા તેડેલ તેમજ ગોયણી અને પરિવારના સભ્યોએ પ્રસાદ લીધેલ.

સાંજે ભોજન બાદ શ્રી નાથજીની ઝાંખીનું આયોજન કરેલ જેમાં ભાણવડની કિર્તન મંડળીએ ભજનો રજુ કરેલ. ભજનમાં આવેલ ફંડનીરકમ ગામના લીલામાં તેમજ અન્ય સેવાકીય પ્રવૃત્તિમાં વપરાય તેવું આયોજન કરેલ.





બીજા દિવસેતા. ૧૧-૧૧-૧૯ સુરાપુરા દાદાનો હવન રાખેલ તેમાં સાતકમાં વિજયભાઇ ભવાનભાઇ વડગામા બેસેલ. આ દરમ્યાન પરિવારના સભ્યોની મિટીંગ આગામી વર્ષના આયોજન માટે બોલાવેલ જેમાં સુરાપુરાદાદાની જગ્યામાં સ્ટોર બનાવવો તેમજ બે બાથરૂમ બે ટોયલેટ બનાવવા માટેનું બજેટ રૂા. ૧,૩૦,૦૦૦/-ની જાહેરાત કરતા જ ભગવાનજીભાઇ ગોકળભાઇ (ભાટીયાવાળા) એ પોતાની સંમતિ આપતા હાજર સૌ સભ્યોએ તાળીઓથી વધાવેલ. ત્યારબાદ આગામી વર્ષના જમણવાર સ્પોન્સર સ્વ. નારણભાઇ શામજીભાઇ વડગામા પરિવારની તેમજ હવનમાં સાતક બેસવા માટેના સ્પોન્સર-ભાવેશભાઇ મોહનભાઇ (ખાંડેસરી)ના નામની જાહેરાત કરવામાં આવેલ અને આ જગ્યા માટે રાત્રી રોકાણમાં ગાદલાની જરૂરીયાત હોય એમાં પણ ૭૫ ગાદલાના સેટ સ્પોન્સર બુક થયેલ. તેમજ હવે આવા આયોજનમાં દિકરીઅને જમાઇને પણ આમંત્રણ આપવું તેવું નક્કી કરેલ. મિટીંગનું સંચાલન તાલાલાવાળા ગોપાલભાઇ વડગામાએ કરેલ. આ જગ્યાની સંભાળ લેનાર અને વર્ષોથી અમુલ્ય સેવા આપનાર અનિરુદ્ધભાઇ વડગામા તેમજ તેની સાથે હરીશભાઇ (ગુંદા), ભગાભાઇ (જામનગર), જગદીશભાઇ (ભેંસાણ), દિપકભાઇ (અમદાવાદ), હરીશભાઇ વડગામા (જામનગર), નટુભાઇ તેમજ અન્ય કાર્યકર્તાઓ છેલ્લા આઠ દિવસ અગાઉ ઘણી જહેમત ઉઠાવેલ. તેમનો પરિવારે આભાર વ્યકત કર્યો હતો.

# ગોવિંદીયા પરિવાર દ્વારા યોજાયું પ્રથમ સ્નેહ મિલન

ગોવિંદીયા પરિવાર દ્વારા દેવસ્થાન ગામ ખાટલી તા. જામકંડોરણા જી. રાજકોટ કારતક વદ-૫ તા. ૧૭-૧૧-૨૦૧૯ રવિવારના રોજ સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર ગોવિંદીયા પરિવારજનો મોટી સંખ્યામાં એકત્ર થઇ સૌ સાથે મળી નવા વર્ષની શુભકામના પાઠવી હતી અને સુરાપુરાદાદા અને માતાજીનું પુજન કરી નવા વર્ષ આશીર્વાદ મેળવ્યા તેમજ સૌએ સમુહભોજન પ્રસાદ લીધો હતો.





સ્નેહમિલનનો આ પ્રથમ કાર્યક્રમ ગોઠવેલ હતો. જેમાં ગોવિંદીયા પરિવારની કમિટી બનાવાઇ હતી. કમિટીમાં સ્થાપક પ્રમુખ - હિંમતલાલ મુળજીભાઇ ગોવિંદિયા, મંત્રી દિનેશભાઇ રણછોડભાઇ ગોવિંદીયા, સહમંત્રી સુરેશભાઇ પરસોષતમભાઇ ગોવિંદીયા, ખજાનચી ગીરધરભાઇ પરસોતમભાઇ ગોવિંદીયા, સહખજાનચી અનિલભાઇ ગોરધનભાઇ ગોવિંદીયાની વરણી કરાઇ છે. સ્નેહમિલનમાં બધાએ પોતાના વિચારો રજુ કર્યા. દર વર્ષે કારતક માસમાં બધાએ સાથે મળી સ્નેહમિલન કરવું અને બાળકોને ઇનામો આપી પ્રોત્સાહિત કરવા. દર વર્ષે જે ફાળો એકત્ર થાય તે બેંકમાં જમા કરાવવો હિસાબની રજુઆત કરવી તેમ નક્કી કરાયું હતું.

બાળકો દેવસ્થાનમાં આવતા થશે તો કુટુંબભાવના વધુને વધુ રહેશે એ વાત વડીલ હિંમતભાઇ ગોવિંદીયાએ સૌને સમજાવીહતી.

**અહેવાલ : દિનેશભાઇ ગોવિંદીયા, ચમનભાઇ ગોવિંદીયા**

# સુરેન્દ્રનગર મહિલા મંડળ દ્વારા સમુહ રાંદલ ઉત્સવની ભવ્ય ઉજવણી





સુરેન્દ્રનગરમાં શ્રી વિશ્વકર્મા બાગ, રતનપર ખાતે શ્રી વિશ્વકર્મા મહિલા મંડળ દ્વારા તા. ૧૩-૧૦-૨૦૧૯ને શરદપુનમનાં દિવસે શ્રી સમુહ રાંદલનું આયોજન કરવામાં આવેલ જેમાં સવારે ૯ કલાકે અનિલભાઇ નારાયણભાઇ જાદવાણીના નિવાસસ્થાને, રૂદ્ર ટાઉનશીપથી શ્રી વિશ્વકર્મા બાગ રતનપર સુધી શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રામાં ભગવાન વિશ્વકર્મા, ભગવતી માં રાંદલ તેમજ સૂર્યનારાયણનાં પરિવેશમાં જ્ઞાતિજનો સાથે સુશોતિ ટ્રેક્ટર શોભાયાત્રા નીકળેલ અને ભાઇઓ-બહેનો વાહનો સાથે આ રેલીમાં જોડાયા હતા. સવારે ૧૦ કલાકે શ્રી વિશ્વકર્મા બાગ ખાતે શ્રી રાંદલ પુજાનો પ્રારંભ થયેલ જેમાં પુજાના યજમાન તરીકે દિનેશભાઇ ગજ્જર, અનિલભાઇ જાદવાણી, વિપુલભાઇ કડેચા, નયનાબેન સિદ્ધપુરાએ શ્રી ગણેશ સ્થાપના તથા રાંદલની સ્થાપના અને પુજા વિધિ કરી હતી. સુરેન્દ્રનગર, વઢવાણ, જોરાવરનગર અને રતનપરનાં ગુર્જર સુથાર પરિવારના સમસ્ત જ્ઞાતિજનોએ ભગવતી માં રાંદલનાં દર્શન કરીને બપોરનો મહાપ્રસાદ લીધો હતો. ઉપરાંત રાત્રે ૮ થી ૧૧.૩૦ કલાક સુધી શ્રી વિશ્વકર્મા બાગ ખાતે શરદપુનમનાં રાસ-ગરબા રાખવામાં આવેલ હતાં જેમાં રાસ-ગરબા દરમ્યાન સૌને ગરમાગરમ નાસ્તો તેમજ દુધ-પૌઆની પ્રસાદી આપવામાં આવી હતી. શ્રી વિશ્વકર્મા મહિલા મંડળ, સુરેન્દ્રનગરનાં આયોજનને સફળ બનાવવા માટે તમામ યુવાનોની ટીમ તેમજ શ્રી સમસ્ત ગુર્જર સુતાર સેવા ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓ તેમજ પુરી ટીમ સક્રિય રહી હતી.

# મહિકામાં ધ્રાંગધરિયા પરિવારના કુળદેવીનો હવન ઉત્સવ ઉજવાયો

મોરબી વાંકાનેર હાઇવે ઉપર આવેલ ગામ મહિકા મુકામે ધ્રાંગધરિયા પરિવારના ધ્રાંગધરિયા કુટુંબના કુળદેવી માતાજીનો હવન ઉત્સવની ધામધુમથી ઉજવણી ગઇ તા. ૧૩-૧૦-૨૦૧૯ રવિવારને વિક્રમ સંવત ૨૦૭૫ના આસો સુદ ૧૫(પુનમ)ના રોજના શુભ દિવસે કુળદેવી શ્રી ચામુંડા માતાજી તથા શ્રી બહુચરાજી માતાજી, શ્રી મોમાઇ માતાજી તેમજ ઇષ્ટદેવ શ્રી વિશ્વકર્મા પ્રભુજીની પ્રેરણા અને સુરાપુરા દાદાના શુભ આશિષથી કરવામાં આવેલ હતો.


કુળદેવી માતાજીના હવન ઉત્સવમાં સાયપર વાળા હાલ રાજકોટ નિવાસી શ્રી રમેશભાઇ નાથાભાઇ ધ્રાંગધરિયાએ સજોડે શાતકમાં બેસીને કુળદેવી માતાજીના આશીર્વાદ મેળવેલ હતા જેમાં ધ્રાંગધરિયા પરિવારના આશરે ૫૫૦ જેટલા બહોળા કુટુંબીજનો એ હવન ઉત્સવના દર્શન તથા ભોજન પ્રસાદ લાભ લીધેલ હતો. તેમજ સમાજના અગ્રણીઓએ આ લાભ લીધેલ હતો.

આ ધાર્મિક પ્રસંગે અમદાવાદ નિવાસી નિલેશભાઇ નાથાભાઇ ધ્રાંગધરિયા એ વકતા તરીકે ઉદબોધન કરેલ હતું.

ધ્રાંગધરિયા કુટુંબ પ્રા. ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ તથા કારોબારી સભ્યોશ્રીઓની આ કમિટીને ત્રણ વર્ષથી વધુ સમય થયેલ હોય નવી કમીટી અંગે ધ્રાંગધરિયા કુટુંબ પ્રા. ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ તથા કારોબારી સભ્યોશ્રીઓની તથા કુટુંબના વડીલ શ્રેષ્ઠીશ્રીઓ સાથે ચર્ચા અને વિચારણા કરવામાં આવેલ.

આ ધાર્મિક ઉત્સવનું આયોજન શ્રી ગુર્જર સુતાર ધ્રાંગધરિયા કુટુંબ પ્રા. ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ તથા કારોબારી સભ્યો સીધાવદરવાળા શ્રી ધનસુખભાઇ પ્રાગજીભાઇ (પ્રમુખ), મધરવાડા વાળા વિપુલભાઇ ભુદરભાઇ (મંત્રી અને જાણીતા બીલ્ડર) ખેરવાવાળા અશોકભાઇ જાદવજીભાઇ(ખજાનચી) સમઢીયાળવાળા જીતેન્દ્ર હરીલાલ (સહખજાનચી, એડવોકેટ એન્ડ નોટરી) કલાવડીવાળા મનિષભાઇ હરીલાલ, સાયપરવાળા રમેશભાઇ નાથાભાઇ, વાંકાનેરવાળા રાજેશભાઇ કાંતિભાઇ, જાલીડાવાળા રમેશભાઇ ગંગારામભાઇ, જાલીડાવાળા દિલીપભાઇ નારણભાઇ વાંકાનેરવાળા પ્રશાંત મહેન્દ્રભાઇ દ્વારા કરવામાં આવેલ હતું. કલાવડીવાળા મનિષભાઇ હરીલાલ એ ભોજન પ્રસાદ માટે રસોડા વિભાગની તમામ જવાબદારી નિભાવેલ હતી. જેમાં રમેશભાઇ નાથાભાઇ, જાલીડાવાળા વાંકાનેરવાળા રાજેશભાઇ કાંતિભાઇ, તથા સંદીપ વલ્લભભાઇ, જયેશ કિશોરભાઇ તથા ધ્રાંગધરિયા કુટુંબના સભ્યોએ ખુબ જ જહેમત ઉઠાવી હતી.

# સુરત સત્સંગ મંડળનો દ્વિશતાબ્દિ મહોત્સવ : માં રાંદલ લોટા ઉત્સવ





સુરતમા સમાજનાં સાંસ્કૃતિક ધાર્મિક અને સામાજીક પ્રવૃત્તિઓ દ્વારા જાણીતા એવા સુરતના શ્રી વિશ્વકર્મા સત્સંગ મંડળને માગસર વદ અમાસના દિવસ ૨૦ વર્ષ પુરા થતા હોય તા. ૨૨-૧૨ના રોજ દ્વિશતાબ્દી મહોત્સવ તેમજ મા ભગવતી રાંદલના ૧૮ લોટાનો સમુહ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ઈલોરગઢના મહંત શ્રી મહેન્દ્ર બાપુ તેમજ અન્ય સાધુ-સંતો ઉપસ્થિત રહેશે.

૨૨/૧૨ના રોજ સવારે સવારે ૭ વાગ્યે માતાજીના લોટાની પૂજનવિધિ કરાશે. સવારે ૯.૩૦ કલાકે વિશ્વકર્મા ગૌરવ ગાથા અને શ્રી રાંદલ ચરિત્ર કથા થશે જેના વકતા સુરેન્દ્રનગરના દિનેશ ગજ્જર છે.

બપોરે સાડા અગિયાર વાગ્યે સન્માન સમારોહ યોજાશે. ૧૨ વાગ્યે પ્રસાદ થશે. ૨.૩૦ કલાકે રાંદલ માતાજીના રાસ ગરબા થશે. સાંજે ૫.૩૦ માતાજીને વિદાય અપાશે. રાસગરબામાં સમાજના કલાકારો દ્વારા જ સંગીત પીરસવામાં આવશે. આ કાર્યક્રમ પુણા ગામ સુરતમાં આવેલ સઇ સુથાર દરજીની વાડીમાં રાખવામાં આવ્યો છે.

માતાજીના લોટા નોંધાવા માટે મો. ૯૮૨૫૮ ૩૩૬૪૧, ૯૮૨૫૭ ૬૯૪૫૪, ૭૬૯૮૨ ૫૦૦૦૩નો સંપર્ક સાધવો.

# ખોરાળા : ભાડેશિયા પરિવારના સુરાપુરા બાપાનો હવન યોજાયો





રાજકોટ તાલુકાના ખોરાળા ગામના પાદરે બીરાજતા સુરાપુરાબાપા ગણેશબાપા તેમજ કરશનબાપાનો યજ્ઞ કરવામાં આવ્યો હતો. સવારથી શરૂ થયેલ યજ્ઞની બાર વાગ્યાના સુમારે યજ્ઞની પુર્ણાહુતિ કરવામાં આવી હતી. યજ્ઞ બાદ બપોરે ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો સવા બસો લોકોએ લાભ લીધો હતો.

ખોરાળા ગામના પાદરે સુરાપુરા બાપા બિરાજે છે. સુરાપુરાબાપા જયાં બિરાજે છે. તેની આજુબાજુમાં ૫૦૦ ફૂટ જેટલી જમીનમાં ભરતી નાખી સમતલ બનાવી છે અને જગ્યા ફરતે દિવાલ બાંધવામાં આવી છે. આશરે પોણા ત્રણ લાખના ખર્ચે આ કામ કરાયું છે. હજુ જગ્યા ફરતા બ્લોક નાખવા સહિતનું કામ બાકી છે. જેના માટે અનુદાન આવકાર્ય છે.

સુરાપુરા બાપાના યજ્ઞમાં સાતક તરીકે નિલેશ અતુલભાઇ અને પુજાબેન, સંજય નારણભાઇ અને પ્રફુલાબેન, હિતેશ નારણભાઇ અને શીલાબેન, રૂપેશ ગીરીશભાઇ અને તેજલબેન, હરેશ હરીભાઇ અને સ્મિતાબેન, અરૂણ જેન્તીભાઇ અને ભારતીબેન, દિપક દયાળજીભાઇ અને મનીષાબેન, સાતકમાં બેઠા હતા અને યજ્ઞનો લહાવો લીધો હતો.

સંજયભાઇ નારણભાઇ, અતુલભાઇ પ્રેમજીભાઇ, જગદીશભાઇ ખીમજીભાઇ સહિતના આગેવાનોએ આયોજનને સફળ બનાવ્યું હતું.

# ગુર્જર સુતાર પ્રગતિ મંડળ દ્વારા યોજાયો સ્નેહ મિલન સાથેનો પંચમ કાર્યક્રમ




## કેન્દ્ર સરકાર દ્વારા સન્માનિત યુવા વૈજ્ઞાનિક દેવેન પાટણવાડિયાનું વિશિષ્ટ સન્માન

રાજકોટના શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ દ્વારા પ્રતિવર્ષની માફક આ વષે પણ સંસ્થાનો જગ્યામાં તા. ૬-૧૧-૧૯ના બુધવારના રોજ સ્નેહમિલનની સાથોસાથ, રકતદાન શિબિર, સામાન્ય સભા, વિદ્યાર્થી અને દાતાઓના સન્માનનો કાર્યક્રમ સ્વરૂચી ભોજન સાથે રાખવામં આવ્યો હતો. પોણા ભાગનો કાર્યક્રમ પુરો થયો હતો ત્યારે જોરદાર વરસાદ આવ્યો હતો. છતાં પણ ચાલુ વરસાદમાં પણ અનેક લોકો આવ્યા હતા. કાર્યક્રમને માણ્યો હતો.

આ પ્રસંગે ગોંડલના પ્રમુખ વસંતભાઇ માંડવીયા, મંત્રી હિંમતભાઇ માંડવીયા, ટ્રસ્ટી ભરતભાઇ ગંગાજળીયા, રાજકોટ ગુ. સુતાર જ્ઞાતિના અધ્યક્ષ જગુભાઇ ભારદીયા, પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા, ઉપપ્રમુખ કાંતિભાઇ તલસાણિયા, મંત્રી પ્રદિપ કરગથરા, ટ્રસ્ટીઓ, કારોબારી સદસ્યો વગેરે ઉપસ્થિત રહયા હતા.



### વિદ્યાર્થી, દાતા, સન્માન સાથે સામાન્ય સભા યોજાઇ

મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટય બાદ ઉપસ્થિત મહાનુભાવો અને જ્ઞાતિ સંસ્થાના આગેવાનોની હાજરીમાં સામાન્ય સભાની કાર્યવાહી શરૂ કરવામાં આવી. સૌપ્રથમ બે મિનિટનું મૌન પાળી મૃતાત્માઓને શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી

સંસ્થાના માનદ મંત્રી રમણીકભાઇ પાટણવાડિયાએ ગત મિટીંગનું વાંચન કર્યું હતું.જેને સૌએ બહાલી આપી હતી. તેઓએ નવા વર્ષની શુભેચ્છા પણ આપી હતી. સહખજાનચી કમલેશભાઇ સાવરાએ ૨૦૧૯/૨૦નું સુચિત બજેટ રજુ કરી બહાલી મેળવવામાં આવી હતી. પ્રમુખ સ્થાનેથી પ્રગતિ મંડળ દ્વારા જ્ઞાતિજનો માટે થતા સમાજના ઉત્કર્ષ કાર્યોની વિગતની રૂપરેખા રજુ કરી હાલની જગ્યા નાની પડતી હોય મોટી જગ્યા લેવાનો વિચાર રજુ થયો જેને સર્વાનુમતે વધાવ્યો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો અને સંસ્થાના હોદેદારો-કાર્યકરો દ્વારા ૩૬ જેટલા વિદ્યાર્થીઓનું સન્માન કરી સર્ટીફીકેટ અને રોકડ પુરસ્કાર આપવામાં આવેલ. સભ્ય પરિવારના યુવા વૈજ્ઞાનિક દેવેન ગીરધરભાઇ પાટણવાડિયા કેજેનું કેન્દ્ર સરકાર દ્વારા એવોર્ડ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું તેનું





વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું.

સંસ્થા દ્વારા દાનપેટી યોજના ચાલુ છે. જેમાં રૂા. ૨૧૦૦ કે વધુ રકમ દાનપેટીમાંથી નીકળેતેનું સન્માન કરાય છે. દાનપેટી ખોલવા હોદેદારો-કમિટી સભ્ય ગયા હતા અને દરેકને કેશરોલ ભેટ અને કાર્યક્રમનું આમંત્રણ આપ્યું હતું. આવા ૩૬ દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ૭ તકતીદાનમાં દાતાઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ૧૧૧૧૧થી વધુ રકમથી ભોજન માટે અનુદાન આપનાર દાતાઓનું તથા રકતદાન કેમ્પના સેવાભાવી ડોકટરો અમિત ખંભાયતા, ડો. ભાર્ગવ પાટણવાડિયા, ડો. અમિત ઉછડીયા, ડો. હિતેશ ચંદવાણિયા, ડો. ધીરજ સોંડાગરનું તેમજ રેડક્રોસના ડોકટરોનું પણ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.



સંસ્થાના સલાહકારો અરવિંદભાઇ ગંગાજળીયા, મથુરભાઇ પાટણવાડિયા, કિશોરભાઇ સોંડાગર, પ્રદિપભાઇ વાલંભિયા, અમરશીભાઇ ગુર્જર, અધ્યક્ષ જગદીશભાઇ સોંડાગર, ઉપાધ્યક્ષ અરવિંદભાઇ સોંડાગર, ટ્રસ્ટીઓ ચીમનભાઇ માંડવીયા, રસીકભાઇ વાઘસણા, મુકેશભાઇ ઉછડીયા, મહેન્દ્રભાઇ ઝીંઝુવાડીયા, ભરતભાઇ ખારેચા, લક્ષ્મીદાસભાઇ સિદ્ધપરા, આર.કે. ઉજૈનીયા વગેરેના માર્ગદર્શન હેઠળ પ્રમુખ કિશોરભાઇ બકરાણિયા, ઉપપ્રમુખ રમેશભાઇ ગંગાજળીયા, મંત્રી રમણીકભાઇ પાટણવાડિયા, ખજાનચી ગોરધનભાઇ ચાંપાનેરા, સહમંત્રી વિમલભાઇ સોંડાગર, સહખજાનચી કમલેશભાઇ સાપરા તથા કારોબારી ટીમ તેમજ કાર્યકરોના પરીક્ષમથી આયોજન સફળ બન્યું હતું.

કાર્યાલય વ્યવસ્થા પ્રફુલભાઇ કરશાળા, કમલેશભાઇ સાપરા, જગદીશભાઇ પાટણવાડિયા, શૈલેષભાઇ ચાંપાનેરા, ભરતભાઇ ઉછડીયા, જીતેન્દ્રભાઇ ધારૈયાએ સંભાળી હતી. રસોડાની વ્યવસ્થા રમેશભાઇ ગંગાજળીયા, મથુરભાઇ પાટણવાડિયા, રસીકભાઇ વાઘસણાના માર્ગદર્શન નીચે યુવા કાર્યકરોએ સંભાળી હતી. બહેનોના વિભાગની વ્યવસ્થા એક સરખા વસ્ત્રો પરિધાન કરેલ બહેનોએ સંભાળી હતી.

કાર્યક્રમનું સંચાલન મંત્રી રમણીકભાઇ પાટણવાડિયાએ કર્યું હતું. કાર્યક્રમના અંતે ૧૪૦૦ જેટલા ભાઇ-બહેનોએ વરસાદી વાતાવરણમાં મીષ્ટ ભોજનો આસ્વાદ માણ્યો હતો.

# પ્રગતિ મંડળ આયોજીત રકતદાન કેમ્પમાં વરસાદ હોવા છતાં ૧૬૦ બોટલ રકતદાન

## એડવોકેટ અરવિંદભાઇ ગજજરના આર્થિક યોગદાનથી યોજાયો સેવા યજ્ઞ







સમાજના લોકોને વિનામુલ્યે લોહી મળી રહે માટે રાજકોટના શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ દ્વારા સ્નેહમિલનની સાથો સાથ રકતદાન કેમ્પ યોજવાનું ગત વર્ષથી શરૂ કરવામાં આવ્યા બાદ આ વર્ષે પણ તા. ૬ નવેમ્બર, બુધવારે શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ દ્વારા બીજા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.


સ્વ. છગનભાઇ જીણાભાઇ સોંડાગર (રહે. ખાટલી)ની સ્મૃતિમાં એડવોકેટ અને પ્રગતિ મંડળના ઉપાધ્યક્ષ અરવિંદભાઇ રતિભાઇ ગજજર તથા હિરેનભાઇ અરવિંદભાઇ ગજજરના આર્થિક સહયોગથી યોજાયેલ રકતદાન કેમ્પમાં યુવાનો મોટી સંખ્યામાં રકતદાન કરવા ઉમટી પડયા હતા. સાંજના વરસાદ આવ્યો હોવા છતાં વરસતા વરસાદમાં પણ આવીને યુવાનોએ રકતદાન કર્યું હતું. સારા એવો વરસાદ છતાં ૧૬૦ જેટલા રકતદાતાઓએ રકતદાન કરી માનવતાનું ઉમદા ઉદાહરણ પુરુ પાડયું હતું.

રેડક્રોસ બ્લડ બેંકના ડો. લાલાણી અને તેની ટીમ કેમ્પમાં સેવા આપી હતી. પ્રગતિ મંડળના અધ્યક્ષ જગદીશભાઇ સોંડાગર, પ્રમુખ કિશોરભાઇ બકરાણિયા, મંત્રી રમણીકભાઇ પાટણવાડિયા, અરવિંદભાઇ ગંગાજળીયા તમામ ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યો તથા સલાહકાર સમિતિના સભ્યો ઉપરાંત રકતદાન કેમ્પના સ્પોન્સર એડવોકેટ અરવિંદભાઇ ગજજર, હિરેનભાઇ ગજજર ઉપરાંત તુષાર સોંડાગર, સુરેશ સોંડાગર, અશોક સોનીગ્રા, પિયુષ સોંડાગર, મયુર સોંડાગર, સાવન સોંડાગર સહિતના યુવાનો રકતદાન કેમ્પ દરમ્યાન ખડેપગે રહયા હતા. તમામ રકતદાતાઓને એડવોકેટ અરવિંદભાઇ ગજજર તરફથી સ્મૃતિ ભેટ અને રેડક્રોસ બ્લડબેંક તરફથી સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતા.

# ઈલોરગઢ વિશ્વકર્મા પ્રભુજી મંદિરમાં રવિ રાંદલ પ્રાણ પ્રતિષ્ઠા

## ત્રિદિવસીય ઉત્સવમાં ગામેગામથી લોકો ઉમટયા






વિશ્વકર્મા પરિવારના વૈશ્વિક યાત્રાધામ સમા ઈલોરગઢ ખાતે આવેલ વિશ્વકર્મા પ્રભુજી મંદિરમાં ભગવતી રવિ રાંદલ અને સૂર્યનારાયણની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની તાજેતરમાં ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી. ઈલોરગઢના મહંત શ્રી મહેન્દ્ર બાપુના સાનિધ્યમાં યોજાયેલ આ પ્રાણ પ્રતિષ્ઠ મહોત્સવમાં કોડીનાર, વડોદરા, અંકલેશ્વર, ભરૂચ, ખાંભા, સુરત સહિતના વિવિધ ગામમાંથી આવેલ ભાવિકોએ આ ત્રિદિવસીય ધાર્મિક મહોત્સવનો લહાવો લીધો હતો.

તા. ૧૭ થી ૧૯ નવેમ્બર દરમ્યાન યોજાયેલ આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત દરરોજ વિવિધ પ્રકારના પુજન અને ધાર્મિક વિધિ કરવામાં આવ્યા બાદ તા. ૧૯ના રોજ આ પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

ઈલોરગઢ ખાતે આવેલ વિશ્વકર્મા પ્રભુજીના ગર્ભગૃહમાં રવિ રાંદલ અને સુર્યનારાયણ દેવની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી તે પહેલા કોડીનારના તૃપ્તીબેન કમલેશભાઈ ભટ્ટ તેમજ અન્નક્ષેત્રના ૧ વર્ષના દાતા ગાંધીનગરના બકુલભાઈ ખારેચાએ શાસ્ત્રોકત વિધથી પુજન અર્ચન કર્યું હતું અને બાદમાં પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

રાંદલની મૂર્તિઓ કોડીનારના અંબુજામાં સર્વિસ કરતા કમલેશભાઈ ભટ્ટ, માતાજી અને ભકતજનો દ્વારા આપવામાં આવી છે. કમલેશભાઈના ધર્મપત્ની તૃપ્તીબેનને ભાવિકો 'માતાજી' તરીકે ઓળખે છે અને માતાજી પર રવિ રાંદલની અસીમ કૃપા હોવાનું માને છે. તેમના નિવાસસ્થાને આવેલ માતાજીના મઢે દર્શન કરવા અનેક ભાવિકો આવે છે. ઈલોરગઢમાં આવેલ વિશ્વકર્મા પ્રભુજી મંદિરમાં રવિ રાંદલ અને સુર્યનારાયણની પ્રાણ પ્રતિષ્ઠા થાય તેવી માતાજીની મનોકામના હતી. જે હવે પુરી થઈ છે.

કોડીનારના અશોકભાઈ સીનરોજા, ધીરુભાઈ ભટ્ટ તથા ભરૂચથી અનિલભાઈ અનુવાડિયા વગેરે ખાસ બસ કરીને ઈલોરગઢ ગયા હતા. આ ઉપરાંત રાજકોટના શ્રી ગુ. સુ. પ્રગતિ મંડળ દ્વારા રમણીકભાઈ પાટણવાડિયા, રસીકભાઈ વાઘસણા સહિતના ૪૦ ભાવિકો ખાસ બસ કરીને ઈલોરગઢ આવ્યા હતા. અમદાવાદના ભરતભાઈ કડીયા, જનકભાઈ કડીયા, અન્નક્ષેત્રના ૧ વર્ષના દાતા ગાંધીનગરના વિશ્વકર્મા વુડ વાળા બકુલભાઈ ખારેચા, રાજકોટના જમનભાઈ સીનરોજા સહિતના અનેક ભાવિકોએ ઉપસ્થિત રહીને ઉત્સવ માણ્યો હતો.

### દૈનિક તિથી યોજના

ઈલોરગઢમાં અન્નક્ષેત્ર શરૂ કરવામાં આવ્યા બાદ તેનો ઘણા ભાવિકો લાભ લઈ રહયા છે. અન્નક્ષેત્રમાં દૈનિક તિથિ યોજના પણ શરૂ કરાઈ છે. રૂા. ૧૧,૧૧૧/- આપનાર દાતાના નામે દાતાએ નકકી કરેલ તિથિએ દાતાના નામથી દાદાને થાળ ધરવામાં આવે છે. દાતાએ લખાવેલ તિથિના દિવસે અન્નક્ષેત્રમાં પ્રસાદ લેવા આવનાર ભાવિકોને આ દાતા તરફથી પ્રસાદ અપાય છે. દૈનિક તિથિ યોજનાનો લાભ લેવા માંગતા લોકો ભરૂચ ખાતે અનિલભાઈ અનુવાડિયાનો મો. ૯૮૭૯૭૮૫૧૯૨ પર સંપર્ક કરી શકે છે.

# અમદાવાદ : મણીનગરખાતે ઉજવાયો ૧૦૮ રવિ રાંદલ લોટા ઉત્સવ

## સંસ્થાના પ્રમુખ હસમુખભાઇ શંખલપરા પરિવારે ઉત્સવનો સંપૂર્ણ ખર્ચ આપી નવી કેડી કંડારી









અમદાવાદને આંગણે શ્રી ગુર્જર સુથાર સમાજ મણીનગર શ્રી વિશ્વકર્મા બાગ ખાતે ભગવતી શ્રી રવિ રાંદલ માતાના ૧૦૮ લોટાનો ઉત્સવ ભાવ-ભકિત અને એકતામય વાતાવરણમાં યોજવામાં આવ્યો હતો. આ રવિ રાંદલ લોટા ઉત્સવની ધ્યાન ખેંચે એવી બાબત એ હતી કે આ ઉત્સવ માટેનો ભોજન સાથેનો સંપૂર્ણ ખર્ચના દાતા સંસ્થાના પ્રમુખ  હસમુખભાઇ ગીરધરભાઇ તથા ગીતાબેન હસમુખભાઇ શંખલપરા રહયા હતા.

રવિ રાંદલ લોટા ઉત્સવના મુખ્ય યજમાન તરીકે જીજ્ઞેશભાઇ હસમુખભાઇ શંખલપરા અને અમી જીજ્ઞેશભાઇ શંખલપરા રહયા હતા. રવિ રાંદલ લોટા ઉત્સવમાં અન્ય લોટા તેડનાર યજમાનોએ સવારે શાસ્ત્રોકત વિધિથી પુજન અર્ચન કર્યા હતા. બપોરે ઉપસ્થિત મહાનુભાવો સહિતના ૧૫૦૦ જેટલા ભાઇ-બહેનોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

બપોરે રાસ ગરબાની રમઝટ બાદ સાંજે મહાઆરતીમાં પણ ૬૦૦ જેટલા ભાઇ-બહેનો ઉપસ્થિત રહીને ઉત્સવને દીપાવ્યો હતો.આ મંગલ અને ધાર્મિક ઉત્સવ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો પ્રફુલભાઇ સુરેલિયા, રમેશભાઇ છનિયારા, રાજુભાઇ અઘેરા, પારૂલભાઇ શેરલીયા, મનહરભાઇ વીસાવડીયા, અશોકભાઇ દશાડીયા, ચંદુભાઇ અઘેરા, જયંતીભાઇ સુરેલિયા, શૈલેષભાઇ સુરેલિયા, મનુભાઇ પીસાવડીયા, જગદીશભાઇ સંચાણીયા, રાજુભાઇ સંચાણીયા, હસમુખભાઇ પનારા, ગજ્જર ગ્રુપ ઇશનપુર ઉપરાંત આમંત્રીત મહેમાનો અન્ય સંસ્થાના હોદેદારો વગેરેનું સંસ્થાના પ્રમુખ હસમુખભાઇ શંખલપરાએ ભાવ અને ઉમળકાથી સ્વાગત કર્યુ હતું.

પ્રમુખ હસમુખભાઇ શંખલપરાના નેતૃત્વ હેઠળની ટીમના સદસ્યો મંત્રી વિનોદભાઇ મહીધરીયા, ખજાનચી ભાણજીભાઇ એમ. શંખલપરા, ઉપપ્રમુખો પ્રવીણભાઇ ચાંપાનેરા અને રાજુભાઇ વિરમગામા, સહમંત્રી રમણીકભાઇ પાનસીણીયા, ઉત્સવમંત્રી શાંતિભાઇ અંબાસણા, સહ ઉત્સવ મંત્રી પંકજભાઇ કનોજીયા, પ્રચાર મંત્રી પ્રવીણભાઇ કંમ્બોયા, સહપ્રચાર મંત્રી જીતુભાઇ સંચાણિયા તથા અન્ય આગેવાનો-કાર્યકરોની સામુહિક મહેનતથી આ મંગલ ઉત્સવ સફળતાપૂર્વક ઉજવાયો.

# વિશ્વકર્મા ગુર્જર સુથાર જ્ઞાતિ મંડળ દ્વારા અમદાવાદમાં યોજાયું સ્નેહમિલન

શ્રી વિશ્વકર્મા ગુર્જર સુથાર જ્ઞાતિ મંડળ અમદાવાદ દ્વારા તા. ૦૩-૧૧-૨૦૧૯, રવિવારના રોજ સ્નેહમિલનનો કાર્યક્રમનું આયોજન કરેલ. આ સંસ્થા ૩૦ વર્ષ પૂર્ણ કરી વિશ્વકર્મા દાદાની અસીમ કૃપાથી ૩૧માં વર્ષમાં મંગલ પ્રવેશ કરેલ છે. સૌ પહેલા વિશ્વકર્મા દાદાની આરતીમાં જ્ઞાતિજનોએ ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો. દાદાની આરતી બાદ કમિટીએ સર્વ જ્ઞાતિબંધુઓને નવા વર્ષની શુભકામના પાઠવી હતી. જ્ઞાતિબંધુઓએ એકબીજાને નવા વર્ષના પર્વ પર અભિનંદન પાઠવેલ. કાર્યક્રમને સફળ બનાવવા કમિટીએ નાના બાળકોથી લઇ મોટા વડીલો માટે રમતગમતનું આયોજન રાખેલ. સૌએ કાર્યક્રમમાં ઉત્સાહ સાથે ભાગ લઇને કાર્યક્રમને સફળતા અપાવી હતી. સુમધુર સુરોના સથવારે નાના મોટા સૌએ ગરબાની રમઝટ માણી વાતાવરણ ખુબ જ ઉત્સાહ અને ઉમંગથી ભરાઇ ગયું હતું. કાર્યક્રમ બાદ સૌએ પ્રીતિ ભોજન લીધુ હતું. અતિથિ વિશેષ શ્રી છગનભાઇ વડગામા અને શ્રી શિવજીભાઇ દુધૈયાએ કાર્યક્રમમાં હાજર રહી કાર્યક્રમને સફળતા અપાવી હતી. કાર્યક્રમના સંચાલક પંકજભાઇ દુધૈયાએ વિશ્વકર્મા ગુર્જર સુથાર જ્ઞાતિ મંડળ અમદાવાદના કાર્યવાહક કમિટી સભ્ય : કિશોરભાઇ દહીંસરીયા, રમેશભાઇ વડગામા, દિપકભાઇ વડગામા, હરીશભાઇ પીનારા, મોહનભાઇ ગુંદેચા, દિલીપભાઇ સોલગામા, જયેશભાઇ વડગામા, કિશોરભાઇ બકરાણિયા, હેમંતભાઇ બકરાણિયા, ચેતનભાઇ સંખલપુરા, પ્રજ્ઞેશભાઇ દુધૈયા, વિરેનભાઇ અડીએચા, રીતેશભાઇ અડીએચાની ઓળખ કરાવી હતી.

# વિશ્વકર્મા બાગમાં સ્નેહમિલન સાથે સૌએ માણ્યું નાટક ‘સર્જનહારનું સ્વરૂપ’










મુંબઇમાં શ્રી ગુર્જર સુતાર વિશ્વકર્મા બાગમાં તા. ૨ નવેમ્બર, ૨૦૧૯ શનિવાર સાંજના ૪.૦૦ કલાકે સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૮૬૦ સભ્યોએ ભાગ લીધો હતો અને સાંજના જમણવારનો લાભ લીધો હતો.

સ્નેહમિલનના દિવસે વર્ષના શરૂઆતના દિવસોમાં ભગવાન શ્રી વિશ્વકર્મા દાદાના ગુણગાનઅને મહિમા સમજાવવા સર્જનહાર કેળવણી મંડળ, સુરેન્દ્રનગર સંચાલિત દિનેશ ગજજર લિખિત શ્રી વિશ્વકર્મા પુરાણ આધારિત નવી પેઢીનું નાટક સર્જનહારનું સ્વરૂપ રજુઆત કરી હતી. જે સહુ હાજર સભ્યોએ ખુબ જ ભાવથી નિહાળ્યું હતું. દિનેશભાઇ ગજજર અને તેમની ટીમ ટોટલ ૧૦ સભ્યો સુરેન્દ્રનગરથી પધાર્યા હતા. આ નાટકની ખાસ વિશેષતાએ હતી કે સ્ટેજ ઉપર મોટો એલસીડી સ્કીન રાખવામાં આવ્યો હતો અને દ્રશ્યોને અનુરૂપ તે સ્કીનમાં દેખાડવામાં આવતું હતું. જેમ કે એ આબેહુબ સેટ ઉભો કરેલો હોય અને લાઇવ બતાવવામાં આવ્યું હતું. અને તેની પાછળ દિનેશભાઇએ ખુબ મહેનત કરી હતી. અને દિનેશભાઇએ કહયું કે આવો પ્રયોગ પહેલીવાર કર્યો છે અને સહુ સભ્યોએ ખુબ જ વખાણ્યો હતો.

પડધરી મોવૈયાથી ખાસ મહેમાનો શ્રી ભરતભાઇ કડેચા, દામજીભાઇ અઘેડા, અશોકભાઇ ધ્રાંગધરિયા પધાર્યા હતા અને સ્ટેજ ઉપર તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. ભરતભાઇનું સન્માન જયંતભાઇ જોલાપરા, દામજીભાઇનું સન્માન પ્રાણલાલભાઇ અને દિનેશભાઇ ગજજરનું સન્માન પ્રાણલાલભાઇ અને તુષારભાઇ કથ્રેચાએ કર્યું હતું અને દીપ પ્રાગટયમાં ત્રણેય મહેમાનો, ટ્રસ્ટીઓ, વિઠ્ઠલભાઇ અઘેડા, મનિષભાઇ છનિયારા, બટુકભાઇ ભાડેશીયાના હાથે કરવામાં આવ્યું હતું.

## ભુલ સુધાર

વિશ્વકર્મા વિશ્વના દીપોત્સવી અંકમાં મુંબઇ વિશ્વકર્મા બાગની જાહેરખબરમાં ખજાનચી તરીકે તુષારભાઇ ધ્રાંગધરિયાનું નામ ભુલથી પ્રિન્ટ થયેલ છે. તુષારભાઇએ ખજાનચી તરીકે રાજીનામું આપ્યું છે. હવે તે ખજાનચી નથી. જેની નોંધ લેવા વિનંતી.

**- તંત્રી**

## હેપી બર્થ ડે...પરી



**પરી ઇલેશભાઇ કથ્રેચા**

દાદા : નટુભાઇ(નટવરલાલ) કથ્રેચા
દાદી : પુષ્પાબેન
અદા : મનિષભાઇ
ભાભુ : વૈશાલીબેન
પાપા : ઇલેશભાઇ
માતા : જ્યોતિબેન
કાકા : રમેશભાઇ -કાકી : યોગિતા
ભાઇ : જીમીલ
બહેન : ધાર્મી, એંજલ

# મેસવાણિયા પરિવાર દ્વારા સ્નેહમિલન સાથે હવન કાર્ય પણ સંપન્ન





કારતક સુદ તેરસ તા. ૧૦-૧૧-૨૦૧૯ રવિવારે મેસવાણિયા પરિવારની દેવસ્થાન ભૂમિ દેવડામાં સુરાપુરાદાદા અને કુળદેવીના પુજા અર્ચના કરી હવનકાર્ય કરવામાં આવ્યું હતું.

સમસ્ત મેસવાણિયા પરિવાર આગલા દિવસે શનિવારે સાંજે દેવડા પહોંચી ગયા હતા. ત્યાં બધાએ સમુહભોજન કરી સ્નેહમિલન અને બાળકોનાં ઇનામ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.

ગુર્જર સુતાર સમસ્ત મેસવાણિયા પરિવારની સભ્યોની મળેલ સાધારણ સભામાં મેસવાણિયા પરિવારનું મંડળ બનાવી અને પરિવારનું હિત સન્માન જળવાઇ રહે તે ઉદેશથી કરાઇ છે. જેમાં કાર્યવાહક અને સલાહકાર સમિતિની જાણ ઉપલેટાના વિનુભાઇએ મેસવાણિયાએ કમિટી નીચે મુજબ બનાવેલ છે. તેની સૌને જાણ કરી હતી. કમિટી આ પ્રમાણે છે : પ્રમુખ-પંકજભાઇ વીરજીભાઇ, ઉપપ્રમુખ-મહેશભાઇ રાઘવજીભાઇ ખજાનચી-કલ્પેશભાઇ પ્રવીણભાઇ, મંત્રી-ભાવેશભાઇ વલ્લભભાઇ, સહમંત્રી-મનસુખભાઇ ગોરધનભાઇ, સલાહકાર સમિતિ : (૧) વિનુભાઇ જેન્તીભાઇ-ઉપલેટા (૨) હિરેનભાઇ રમેશભાઇ -રાજકોટ (૩) પ્રકાશભાઇ અમૃતલાલ -રાજકોટ (૪) હરિભાઇ પીતામ્બરભાઇ -રાજકોટ (૫) પ્રદીપભાઇ માધવજીભાઇ - જામખંભાળીયા (૬) હેમંતભાઇ શામજીભાઇ - જામખંભાળીયા (૭) કાંતિભાઇ ભગવાનજીભાઇ - ખીરસરા (૮) કમલેશભાઇ ત્રિભુવનભાઇ - અમદાવાદ.

સ્નેહમિલન અને ઇનામ વિતરણ કાર્યક્રમનું સંચાલન વિનુભાઇ જેન્તીભાઇ-ઉપલેટાએ કર્યું. પ્રમુખ પંકજભાઇ વીરજીભાઇએ સૌનું સ્વાગત કર્યું. મંત્રી ભાવેશભાઇએ આ બનાવેલ કમિટી તન-મન-ધનથી ઉત્સાહપૂર્વક કાર્ય કરશે એ રજુઆત કરી. કલ્પેશભાઇ ખજાનચીએ ગત વર્ષનો હિસાબ વાંચ સંભળાવ્યો અને આ કાર્યક્રમો સુંદર બને અને વધુ પારદર્શક વહીવટ બને તે માટે બેંકમાં ખાતું ખોલાવી આવેલો ફાળો તુરત જ બેંકમાં જમા કરવામાં આવશે અને પાકી પહોંચ આપી વ્યવસ્થિત હિસાબ રહેશે તે વિષેની માહિતી આપી.

બાળકોને ઇનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યો. માલતીબેન મેસવાણિયાએ શિક્ષણ વિષે બાળકો અને માતા-પિતાને પોતાના વિચારો રજુ કર્યા. અને ઇનામ માટે બાળકોને પ્રોત્સાહિત કરી દેવસ્થાનમાં બાળકોને પ્રોત્સાહિત કરી દેવસ્થાનમાં બાળકોને લાવશો તો કુટુંબભાવના વધશે તે માટે ખાસ વાતચીત કરી.

પંચોતેર વર્ષથી મોટા વડીલોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું તેમજ મેસવાણિયા પરિવારની દીકરી રમાબેન હાલ યુ.કે. છે તે બાળકોના ઇનામના સ્પોન્સર બનેલા તેનું શિલ્ડ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું.

બીજા દિવસે વહેલી સવારે ૬ વાગ્યાથી હવનની શરૂઆત થઇ, હવનકાર્ય માટે મુખ્ય યજમાન મનસુખભાઇ મેસવાણિયા હતા અને શાસ્ત્રીજી નયનભાઇ ઉપાધ્યાય જૂનાગઢ દ્વારા હવન પૂજા અર્ચના કરાવી.હવનકાર્ય માટે કપિલભાઇ મનસુખભાઇ અને તેના ધર્મપત્ની તથા હિરેન રમેશભાઇ અને તેના ધર્મપત્ની હવનકાર્ય માટે બેઠા. સુરાપુરાદાદા માતાજીની પુજા-અર્ચના કરી ધજા ચડાવી બપોરે બે વાગ્યે બીડું હોમ્યું. ત્યારબાદ સૌએ સાથે સમુહભોજન પ્રસાદ લીધો.

આ કાર્યક્રમમાં મુંબઇ, અમદાવાદ, સાપુતારા, આબુ, જામનગર, રાજકોટ, ખંભાળીયા, પોરબંદર, ખીરસરા, દેવડાથી આશરે બસો પચાસ માણસો સાથે મળી ઉત્સાહભેર આનંદ માણ્યો.

પ્રવીણભાઇ, ધીરુભાઇ, વિનુભાઇ , રવજીભાઇ , કિરીટભાઇ નાના કાર્યક્રમથી સાથે મળી નકકી કરેલ જે આજે વિશાળ કાર્યક્રમ બની સૌ પરિવાર મળે છે અને ઇશ્વરના આશીર્વાદ મેળવે છે.

**(અહેવાલ : માલતીબેન મેસવાણિયા)**


## મારે પણ કંઇક કહેવું છે...

જય વિશ્વકર્મા સાથ જણાવવાનું કે આપણી જ્ઞાતિમાં ઘણા બધા લોકો અનામી કાગળો લખી તેમાં દાતાશ્રીઓ તથા સમાજના વિકાસ કરનારા જ્ઞાતિના કમિટી આગેવાનોને બદનામ કરવાના કૃત્યો કરી રહયા છે. જે ગુર્જર સુતાર સમાજને શોભતુ નથી. આવા પત્રો ગુજરાતની બધી સંસ્થામાં મોકલી પોતાનું નામ આ પત્રિકામાં લખવાની હિંમત પણ ન હોય તેવા જ્ઞાતિના સભ્યો પોતાની જાત છુપાવી અને નીચે પોતાની સહી કરવાની હિંમતપણ દાખવતા નથી. કારણ કે આવા લોકોને સમાજનો વિકાસ થાય છે તેનું અવરોધ કરવા સિવાય કોઇ મતલબ નથી. ખરેખર આવા લોકોથી સમાજમાં શિક્ષણ તથા જ્ઞાતિના વિકાસમાં તેમજ સમાજના સારા કાર્યો કરી રહેલા દાતાશ્રી તથા સમાજના સારા કાર્યકરોને જ્ઞાતિના કામ બંધ કરાવી દાતાઓને બદનામ કરી સમાજમાં થતો વિકાસ અટકાવવાનું કૃત્ય કરી રહયા છે. આવા નપુસકો જો સત્ય હોય તો તેઓએ સામી છાતીઓ આવી પોતાના નામથી ખોટુ કરનારા સમાજના આગેવાનો ઉપર કાર્યવાહી કરવી જોઇએ. પણ આવા નપુસકો પત્ર બહાર પાડે છે પણ પોતાની નીચે નામ, સરનામા કે ટેલીફોન નંબર નાખવાની હિંમત પણ કરતા નથી. હવે સમય પાકી ગયો છે. તે ગુજરાતની આપણી જ્ઞાતિની બધી કમિટી સાથે મળી આવા લોકો સામે કાયદાકીય કાર્યવાહી કરવા માટે સંગઠીત થઇ છે.

**- નિલેશભાઇ ખારેચા(જામનગર)**

# મુંબઈના સમદર્શન સેવા પરિવાર દ્વારા વિશ્વકર્મા બાગમાં શ્રી રામકથા મહોત્સવ

સમદર્શન
Estd. 1999



## વિવિધ સેવાકીય ક્ષેત્રે જાણીતી સંસ્થા દ્વારા તા. ૩ જાન્યુ-૨૦ થી તા. ૧૨-૧-૨૦ દરમ્યાન ૧૦ દિવસનું ભવ્ય આયોજન

મુંબઈમાં માનવ સેવાની માંગલ્ય અને કલ્યાણની પ્રવૃત્તિઓમાં છેલ્લા ૨૧ વર્ષથી સમાજના અગ્રણી ટ્રસ્ટીઓ ભાઈઓ-બહેનો અને કાર્યકરો દ્વારા ચાલતા સમદર્શન સેવા પરિવાર દ્વારા મુંબઈના વિલેપાર્લેમાં આવેલા વિશ્વકર્મા બાગના એસી હોલમાં તા. ૩-૧-૨૦ થી તા. ૧૧-૧-૨૦ દરમ્યાન શ્રી રામકથા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

એક લાખ આઠ હજાર શ્રી રામ નામ મંત્ર લેખન દ્વારા શ્રી કથા પારાયણના મુખ્ય યજમાન ૫૦૧ વાર તરીકે શ્રી કિરીટભાઈ મથુરદાસ મહેતા તથા સ્વ. સૌ ભારતીબેન કિરીટભાઈ મહેતા પરિવાર રહેશે.



પ.પૂ. શાસ્ત્રીજી શ્રી ઈશ્વરચંદ વ્યાસ



પ. પૂ. વૈદિકાચાર્ય શ્રી ગજાનંદ ભટ્ટ

રામ કથા મહોત્સવ દરમ્યાન દરરોજ વિવિધ ઉત્સવોની ઉજવણી થશે. આ ઉત્સવની ઉજવણીમાં સેવા યજમાનનો લાભ લેવાનું જાહેર આમંત્રણ છે.

**દરરોજ વિવિધ ઉત્સવોની થશે ઉજવણી : પોથી યજમાન બની સંસ્થાના માનવ કાર્યોને વેગ આપવા મેનેજીંગ ટ્રસ્ટી સુરેશભાઈ મુછાળાની અપીલ**

રામ કથા મહોત્સવ દરમ્યાન તા. ૩-૧ના રોજ પોથીયાત્રા નીકળશે આજ દિવસે કથા માહાત્મય થશે. તા. ૪ના રોજ શનિવારે શ્રી શિવજી વિવાહ થશે. તા. ૫ના રોજ રવિવારે શ્રી રામ જન્મોત્સવ ઉજવાશે. તા. ૬ના રોજ શ્રી સીતા-રામ વિવાહ થશે. તા. ૭ના રોજ કેવર પ્રસંગ ઉજવાશે. તા. ૮ના રોજ શ્રી ભરત મિલાય પ્રસંગ ઉજવાશે. તા. ૯ના રોજ શ્રી હનુમાન પ્રાગટય થશે. તા. ૧૦ના રોજ શ્રી રામ રાજયાભિષેક થશે. તા. ૧૧ના રોજ શ્રી ઉત્તરકાંડ સાથે વિરામ થશે.તા. ૧૨ના રોજ હનુમાન ચાલીસા થશે અને આજ દિવસે સુંદર કાંડ હવન પણ થશે.

તા. ૧૨ના રોજ શ્રી સુંદરકાંડ હનુમાન પ્રવચન જુનાગઢના શાસ્ત્રીજી શ્રી ઈશ્વરચંદ વ્યાસ રહેશે. શ્રી રામ પંચાયતન પુજા-શ્રી રામ પોથીજી અને મંત્ર પોથીજી પુજાના દરમ્યાન વ્યાસપીઠ પર પૂ. વૈદિકા ચાર્ય શ્રી ગજાનંદ ભટ્ટ રહેશે. શ્રી રામ કથા અને જૈનિક મહાઆરતી-વ્યાસપીઠ પર પૂ. શાસ્ત્રીજી ઈશ્વરચંદ વ્યાસ (જુનાગઢ) બીરાજશે.

સમદર્શન સેવા પરિવાર દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ થાય છે. તેના લાભાર્થે આ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થા દ્વારા અંતિમ વિસામો સેવા, દર મહિને ૧૫૦ પરિવારને અન્નદાન, વિદ્યાર્થીઓને શિક્ષણ સહાય, વૈદકીય સહાય, સામાજીક સાંસ્કૃતિક, ધાર્મિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓ થાય છે. જીવનસાથી પરિચય સંમેલન પણ યોજાય છે.

સમદર્શન સેવા પરિવારના ટ્રસ્ટી બોર્ડમાં શ્રી સુરેશભાઈ મુછાળા, જયોર્તિવંદન રીડાણી, ડૉ. પંકજ તેલીવાલા (સી.એ.), બિપીનભાઈ પરીખ.

પોથી યજમા, રજીસ્ટ્રેશન, ઉત્સવ યજમાન, સેવા યજમાનનો લાભ માટે શ્રી સુરેશભાઈ મુછાળા (મેનેજીંગ ટ્રસ્ટી)નો મો. ૯૩૨૪૨ ૫૦૮૫૦ પર સંપર્ક સાધી શકાય છે.

આ ઉપરાંત હંસાબેન (મો. ૯૮૨૧૪ ૭૨૭૨૬), ઈલાબેન (મો. ૯૮૬૯૮ ૭૪૭૪૮), ભાવનાબેન (મો. ૯૮૨૧૧ ૯૮૦૧૧) અને ઈંદુબેન (મો. ૯૩૨૭૦ ૫૬૧૪૧)નો પણ સંપર્ક કરી શકાય છે.

સમદર્શન સેવા પરિવાર દ્વારા મુંબઈના આંગણે યોજાનાર આ રામ કથા મહોત્સવનો લાભ લેવા સમદર્શન સેવા પરિવારે સૌને આમંત્રિત કર્યા છે.

# જામનગર વિશ્વકર્મા બાગ ખાતે યોજાયો રીસર્ચ કેન્સર કેમ્પ : ૧૩૨ લોકોએ લાભ લીધો







ગુર્જર સુતારજ્ઞાતિ જામનગરમાં તા. ૧૬-૧૭/૧૧/૧૯ના રોજ રીસર્ચ કેન્સર કેમ્પ રાખવામાં આવેલ. આ કેમ્પમાં આપણી જ્ઞાતિના ભાઇઓ-બહેનોએ આશરે ૧૩૨ સભ્યોએ ચેકઅપ કરાવેલ બીજા અન્ય દર્દીઓએ આશરે ૪૬૮ લોકોએ આનો લાભ લીધેલ. તેમજ ડાયાબીટીસ અને બી.પી. ચેકઅપનો પણ કેમ્પ સાથે રાખેલ. તેમાં આશરે ૭૫૦ લોકોએ આ ચેકઅપનો લાભ લીધેલ. આ ચેકઅપમાં ગાંધીનગરથી એક બસ આવેલ જેમાં આ ચેકઅપની દરેક મશીનરી હતી. આ કેન્સર ચેકઅપનું પ્રાઇવેટમાં આશરે ૫ થી ૬ હજાર જેવો ખર્ચથાય છે. જે આ ચેકઅપમાં ફ્રી ઓફ કરવામાં આવેલ. તેથી આપણા જ્ઞાતિના લોકોને આ ચેકઅપ માટેના આશરે ૩ થી ૪ લાખ બચી ગયા. આવા કેમ્પથી ઘણા અજાણ લોકોને આવો લાભ મળેલ. અને કેન્સર થવાની વેલી જાણકારી પણ મળે. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન રાજયમંત્રી હકુભા જાડેજા તથા સ્ટેની કમિટી ચેરમેન સુભાષભાઇ જોષી કોર્પોરેટર અલ્કાબા જાડેજા તથા જ્ઞાતિ પ્રમુખ રમણીકભાઇ ગોરેચા તથા ટ્રસ્ટી દિલીપભાઇ ભારદીયા(મામા), વિશ્વકર્મા જાગૃતી સંસ્થાના પ્રમુખ હિનાબેન અઘેડા, ઉપપ્રમુખ કુંદનબેન આમરણીયા, નીલાબેન ગોરેચા, જાગૃતીબેન પેશાવરીયા, ગીતાબેન અઘેડા આ કાર્યક્રમ તમામ સંચાલક દિલીપભાઇ ભારદીયા, નિલેષભાઇ ખારેચા, અશોકભાઇ આમરણીયા, રાજુભાઇ ભારદીયા, રમણીકભાઇ ગોરેચાએ જહેમત ઉઠાવેલ.

આ પ્રસંગે ઉપસ્થિત રાજયમંત્રી ધર્મેન્દ્રસિંહજી જાડેજાનું શાલ ઓઢાડી સન્માન પ્રમુખ રમણીકભાઇ ગોરેચાએ તેમજ દયાળજીભાઇ ભારદીયાએ તેમજ સ્ટે. ચેરમેન સુભાષભાઇ જોષીનું સન્માન નિલેશભાઇ ખારેચા અને અશોકભાઇ આમરણીયાએ કર્યું હતું.

જયારે ડો. કલ્પનાબેન ખંઢેડીયાનું સન્માન હીનાબેન અઘેડા અને કુંદનબેન આમરણીયાએ કર્યું હતું.

**અહેવાલ : હીનાબેન અઘેડા**

# વડગામા પરિવાર દ્વારા યોજાયું સ્નેહમિલન






છેલ્લા ૨૬ વર્ષથી કાર્યરત વડગામા પરિવારનો સ્નેહમિલન કાર્યક્રમ તા. ૧૨-૧૧-૧૯ સાંજે શ્રી વિશ્વકર્મા કેળવણીમંડળ ખાતે યોજાયો હતો. વિશ્વકર્મા દાદાનું દિપ પ્રાગટય કરી કાર્યક્રમ શરૂ કર્યા બાદ સૌપ્રથમ વડગામા પરિવારની સ્થાપનાથી જ સેવા આપતા વરીષ્ઠ અને ગુર્જર સુથાર જ્ઞાતિના ટ્રસ્ટી હરીશભાઇ રતીભાઇ વડગામા તેમજ પરિવારના બીજા વડીલ નાનજીભાઇ રવજીભાઇ વડગામાનું દુઃખદ અવસાન થતા પરિવારને મોટી ખોટી પડેલ. આ બન્ને મહાનુભાવને શ્રદ્ધાંજલી આપવા બે મિનિટનું મૌન પાળેલ.

ત્યારબાદ આ વખતે પ્રથમવાર જમણવારના સ્પોન્સર પ્રાગજીભાઇ મનજીભાઇ, જેન્તીભાઇ કરશનભાઇ, મનસુખભાઇ જીવરાજભાઇ, જીતુભાઇ ગોવિંદભાઇનું પરિવાર વતી પુષ્પગુચ્છ આપી સન્માન કરેલ. આ તકે ઉપસ્થિત ગુર્જર સુતાર જ્ઞાતિના ટ્રસ્ટીઓ અને કારોબારી સભ્યો અને બહારગામથી પધારેલ મહાનુભાવોનું શબ્દોથી સ્વાગત કરેલ કાર્યક્રમનું સંચાલન જનકભાઇ વડગામાએ કરેલ.

ત્યારબાદ ૧૧૦૦ જેટલા પરિવારના ભાઇઓ, બહેનો, બાળકો તેમજ આમંત્રિત મહેમાનોએ ભોજન પ્રસાદ લીધેલ.

આ આયોજનને સફળ બનાવવા મુકેશભાઇ વડગામા, ધીરૂભાઇ, ભીખુભાઇ, હરકાંતભાઇ, નટુભાઇ, નાનુભાઇ, વિનુભાઇ તેમજ ચિભડા વડગામા પરિવારના કાર્યકર્તાઓએ જહેમત ઉઠાવેલ હતી.

# સંચાણિયા પરિવારના સ્નેહમિલનમાં સેલ્ફીઝોનનું નવતર આયોજન : વિદ્યાર્થીઓનું સન્માન

## વિશ્વકર્મા વિશ્વના તંત્રી પ્રવીણ ગજજર, તેમજ રમણીકભાઇ સહિતના દાતાઓનું થયું સન્માન





શ્રી ગુર્જર સુતાર સંચણિયા પરિવાર દ્વારા તા. ૨૭ના રોજ રાજકોટના શ્રી વિશ્વકર્મા કેળવણી મંડળ ખાતે ત્રીજા સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. સંચાણિયા પરિવાર દ્વારા પ્રતિવર્ષે સ્નેહમિલનમાં કંઇક નવીનતા લવાય છે. આ વર્ષે સેલ્ફીઝોન બનાવાયો હતો. સેલ્ફીઝોનમાં વિશ્વકર્મા પ્રભુજી તેમજ તેમની કલા-કારીગરી અને કૌશલ્યને જીવંત કરતા નાના હથિયારો તેમજ અન્ય કૃતિઓ રાખવામાં આવી હતી. સેલ્ફીઝોનમાં ફોટા પાડી સૌએ આ સ્નેહમિલન યાદગાર બનાવ્યું હતું. આ ઉપરાંત આયોજનમાં આપણાપણાની ભાવના જાગૃત થાય અને દરેકપરિવાર સહભાગી બને તે માટે ઘર દીઠ વાર્ષિક ૧૧૦૦ રૂા. અનુદાન આપવાની હિતેશભાઇએ કરેલ અપીલને સુંદર પ્રતિસાદ મળ્યો અને ૪૫ નામો નોંધાઇ ગયા.



સમાજના વડીલ-ભાઇઓ અને બહેનો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું અને વડીલો બહેનો દ્વારા આરતી ઉતારવામાં આવી હતી.

આ પ્રસંગે સમાજના ૨૭ જેટલા નાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો. બાળકોએ રજુ કરેલ કાર્યક્રમમાં વિવિધતા નજરે પડતી હતી. આ તમામ બાળ કલાકારોનું તેમજ ધોરણ ૧૦ અને ૧૨ના ૯ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

બાળકોનું અને તેજસ્વી વિદ્યાર્થીઓને જે ગીફટ આપવામાં આવ્યો તે સ્નેહમિલન કમિટીના યુવાનો અને બહેનો દ્વારા સ્પોન્સર કરવામાં આવ્યા હતા. સામાન્ય રીતે ઇનામો માટે સ્પોન્સર શોધાતા હોય છે તેને બદલે સ્નેહમિલનનો આયોજક ટીમ અને બહેનોની ટીમે જ ઇનામોનો ખર્ચ ભોગવી નવો ચીલો ચાતર્યો છે.

આ પ્રસંગે ઉપસ્થિત આયોજનના દાતાઓ રામચંદ્રભાઇ ડાયાભાઇ, પ્રવીણભાઇ ડાયાભાઇ, ઘનશ્યામભાઇ હરીભાઇ, વીણા એન્જિનિયરીંગ, તેમજ ડીલક્સ ઉદ્યોગ જામનગરના ભુદરજીભાઇ, શાંતિભાઇ, દિનેશભાઇ, રાજુભાઇ તેમજ શિલ્ડના દાતા જામનગરના ચંદુભાઇ મગનભાઇનું સમાજના વડીલો દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત વિશ્વકર્મા વિશ્વના તંત્રી પ્રવીણભાઇ ગજજરનું પણ શ્રી રામચંદ્રભાઇના હસ્તે શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે હિતેશભાઇ સીનરોજાએ પ્રાસંગિક ઉદબોધનમાં આયોજનમાં સહભાગી તમામ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરીએ ને થયેલ કામગીરીથી સૌને વાકેફ કર્યા હતા.

આયોજનને સફળ બનાવવા સમસ્ત સંચાણિયા પરિવાર સ્નેહમિલનની ટીમના પ્રમુખ આશિષ દિલીપભાઇ, મંત્રી રવિ પ્રવીણભાઇ, ખજાનચી ચેતન છોટુભાઇ, સહખજાનચી ચિરાગ ચેતનભાઇ ઉપરાંત કમિટીના હિતેશ વલ્લભભાઇ, ધર્મેશભાઇ, રામચંદ્રભાઇ, ચેતનભાઇ છોટાલાલ, ગીરીશભાઇ મગનભાઇ, મંગેશભાઇ રવજીભાઇ, ધ્રુમીતભાઇ અશોકભાઇ, કલ્પેશભાઇ કિશોરભાઇ, ભાવિનભાઇ વિનોદભાઇ, હિતેશ કાંતિભાઇ, મિતલ રમણીકભાઇ, અંકુરભાઇ હસમુખભાઇ, કિરીટભાઇ સામતભાઇ, કૌશિકભાઇ પોપટભાઇ સહિતનાએ જહેમત ઉઠાવી હતી.

સુશોભન, રંગોળી, સ્ટેજ ડેકોરેશન મહિલા ટીમે કરી હતી. મહિલા ટીમમાં કિંજલ આશિષભાઇ, દર્શનાબેન ભાવિનભાઇ, કાજલબેન કલ્પેશભાઇ, બીનાબેન મગેશભાઇ, કરૂણાબેન ગીરીશભાઇ, હીનાબેન રામેશ્વરભાઇ, સંગીતાબેન નિલેશભાઇ, કિંજલબેન જીજ્ઞેશભાઇનો સમાવેશ થાય છે.

જાહનવીબેન હિમાંશુભાઇ, હિનલભાઇ અનિલભાઇ અને ખુશ્બુબેન પ્રતિકભાઇએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યુ હતું.

કાર્યક્રમમાં રાજકોટ ઉપરાંત અમદાવાદ, લીંબડી, બેંગ્લોર, ભાવનગર, મુંબઇ વગેરે શહેરના લોકો ઉપસ્થિત રહયા હતા. રાજકોટ ગુર્જર સુથાર જ્ઞાતિ સહિતની વિવિધ સંસ્થાના આગેવાનો પણ ઉપસ્થિત રહયાહતા.

કાર્યક્રમ બાદ ૪૨૫ જેટલા ભાઇ-બહેનોએ પ્રિતીભોજન લીધુ હતું.

# ગજ્જર સખી વૃંદ-રાજકોટ દ્વારા યોજાયું સ્નેહમિલન





ગજ્જર સખી વૃંદ દ્વારા તા. ૨૧/૧૦/૨૦૧૯ના રોજ સ્નેહમિલન યોજવામાં આવ્યું હતું.

આર. આર. હાઉસ આકાશ હોટલના હોલમાં બધી સખીઓ ભાવથી નૂતનવર્ષાભિનંદન કર્યા હતા. દિવાળીની જેમ બધા રંગબેરંગી વસ્ત્રોમાં સજજ થઇને આવ્યા હતાં. નવા વર્ષની શરૂઆત સારી તંદુરસ્તી રહે તે માટે યોગાના નિષ્ણાંત, રામદેવ મહારાજના સેવક ડો. પદ્માબેન રાચ્છ આમંત્રણને માન આપીને આવ્યા હતાં.

ખુબ જ સરળ અને રોચક શૈલીમાં માંદગી અને તેના ઉપાયો બતાવ્યા હતાં. હેલ્થ ઇઝ વેલ્થ માટે યોગાને પ્રથમ સ્થાન આપો તેવું ભારપૂર્વક કહયૂં હતું. સાથોસાથ તે નેચરોથેરાપીસ્ટ ડોકટર હોવાથી કેવી રીતે કુદરતી ઉપચારો કરીને રોગને કાબુમાં લેવા તેનું જ્ઞાન આપ્યું. કપાલભાતી અને અનુલોમવિલોમ આ બે યોગાએ શરીરને શુદ્ધ ઓકસીજન પુરો પાડે છે. તેથી યોગમાં તંદુરસ્ત વ્યકિત સાજા રહેવા માટે પણ રોજ કરવો તેવું ભારપૂર્વક પ્રસન્નતાથી કહયું હતું.

ગજ્જર સખી વૃંદના મંત્રી વર્ષાબેન રાણપરીયાએ પ્રાસંગિક વાર્તા કહી. લતાબેન પિલોજપરાએ પણ નવા વર્ષને વધાવતી વાતો કરી. પ્રમુખ રશ્મિબેન ખંભાયતાએ સર્વે બહેનોને આવકારીને આનંદ માટે સરપ્રાઇસ ગેઇમ રમાડી જેમાં લકી વિનર તરીકે ઇલાબેન ગોવિંદીયા ઇનામ લઇ ગયાં. બીજું ઇનામ હોલમાં પ્રથમ પ્રવેશ કરનાર તરીકે હીનાબેન બદ્રકિયાને મળ્યું. ત્રીજુ ઇનામ સૌથી વધુ રંગો જેની સાડીમાં હોય તેમાં મંજુલાબેન સંચાણિયા ઇનામ મેળવીને ખુશ થઇ ગયા.

આ કાર્યક્રમને સફળ બનાવવા ઉત્પલાબેન જાદવાણી, જયોત્સનાબેન તલસાણિયા, ઇલાબેન ગોવિંદીયા, લતાબેન પિલોજપરા, શોભનાબેન ધ્રાંગધરિયા, રશ્મિબેન ખંભાયતા, આરતીબેન તલસાણિયા, ડોલીબેન તલસાણિયા, દિવ્યાબેન ખંભાયતા, વર્ષાબેન ગજ્જર, કિરણબેન મહિધરીયા, વર્ષાબેન રાણપરિયા, નયનાબેન પિલોજપરા, ઉર્મીબેન ખંભાયતા અને માલતીબેન મેસવાણિયા પ્રયત્ન કર્યો હતો.

**અહેવાલ : વર્ષાબેન રાણપરીયા.**


## ફનફેર


ગજ્જર સખી વૃંદ

**'ગજજર સખી વૃંદ'-રાજકોટ દ્વારા આગામી કાર્યક્રમ જાન્યુઆરી માસ (કર્મુતામાં) 'ફનફેર'નો રાખવાનો છે. જેમાં ગુર્જર સુતારના દરેક બહેનો ભાગ લઇ શકશે. જેમને 'ફનફેર'માં સ્ટોલ રાખવો હોય તે નીચેના બહેનોનો સંપર્ક કરે.**

**રશ્મીબેન ખંભાયતા - મો. ૯૪૨૭૧ ૬૫૫૫૩**
**ઈલાબેન ગોવિંદીયા - મો. ૯૭૨૭૪ ૭૩૮૯૬**
**મીનાબેન વડગામા - મો. ૯૭૧૨૯ ૭૦૦૮૦**

(સૌજન્ય : વિશ્વકર્મા વિશ્વ)

# સૌ સાથે પોતીકાપણાની ભાવના કેળવી હરેશભાઇની અચાનક વિદાય



**શબ્દાંજલી**
**પ્રવીણ ગજ્જર**

રાજકોટમાં વેપાર કરવાની શરૂઆત કોઇ પેઢીએ કરીહોય તો ગરેડીયા કુવા રોડ પર આવેલ હરેશ એન્જિનીયરીંગ કાં. એ ૧૯૫૬માં આ પેઢી શરૂ કરી હતી. સ્વ. રતિભાઇ વડગામાએ. રતિભાઇએ પોતાની આવડત, વિવેક અને સ્વભાવથી કારખાનેદારો સાથે અનેરો સંબંધ કેળવ્યો. ૨૦૧૪માં રતિભાઇનું અવસાન થયા બાદ સ્વ. રતિભાઇ વડગામાના પુત્ર હરેશભાઇએ પણ પિતાનો વારસો બરાબર જાળવીને આગળ વધાર્યો અને એટલા માટે જ ૧૯૫૬માં હરેશ એન્જિનિયરીંગ કાં.ની સ્થાપના વખતના જે ગ્રાહકો હતા તે ગ્રાહકોએ આજની તારીખે પણ હરેશ એન્જિનિયરીંગ સાથેનો વ્યાપારી નાતો જાળવી રહયા છે. રતિભાઇ વડગામાના પગલે ચાલીને પોતાની આગવી પ્રતિભા ઉભી કરી સમાજમાં અનેરી ચાહના ઉભી કરનાર તેમના પુત્ર હરેશભાઇ આજે આપણી વચ્ચે નથી. પરંતુ તેઓએ પોતાના પરિવાર માટે જ નહીં પરંતુ વડગામા પરિવાર અને સમગ્ર સમાજની સેવામાં જે પરસેવો પાડયો છે તેની સુગંધ સમાજમાં સદાય મધમધતી રહેશે.

રતિભાઇ વડગામાના ત્રણ પુત્રો પૈકીના મોટા હરેશભાઇનો જન્મ ૧૯૫૫માં થયો. બી.કોમ., ડી.ટી.એલ.પી. સુધીનો ઉચ્ચ અભ્યાસ બાદ ૧૯૭૯માં જામનગરના ટેકનો પ્રોડકટસવાળા સ્વ. મોહનભાઇ વશરામભાઇ બકરાણિયાની પુત્રી રશ્મીબેન સાથે લગ્ન થયા હતા.


છેલ્લા ૪૭ વર્ષની પેઢી સંભાળતાની સાથોસાથ તેઓ સમાજ માટે પણ સક્રિય રહેતા. છેલ્લા ૨૫ વર્ષથી તેઓ વડગામા પરિવારને નેતૃત્વ પુરૂ પાડતા હતા.

સૌમ્ય પ્રકૃતિ અને સદાય હસમુખા એવા સ્વ. હરેશભાઇ દરરોજ સવારે ભકિતનગરમાં શ્રી ધારેશ્વર મહાદેવના દર્શન કર્યા બાદ હવેલી, બાલાજી મંદિરઅને વિશ્વકર્મા પ્રભુજી મંદિરે દર્શન કરવા આવતા. દરરોજ શ્રી વિશ્વકર્મા પ્રભુજીના મંદિરે આવવાવાળા સ્વ. હરેશભાઇ હાલની ટર્મમાં ગુર્જર સુતાર જ્ઞાતિના જગુભાઇ ભારદીયાના અધ્યક્ષવાળા ટ્રસ્ટી મંડળમાં ટ્રસ્ટી પણ બન્યા. ટ્રસ્ટી તરીકેના ટુંકા કાર્યકાળમાં તેઓએ યાદગીરીરૂપ સેવા કરી.

સ્વ. હરેશભાઇ શિક્ષણનું મહત્વ બરાબર સમજતા હતા તેથી પોતે તો શિક્ષિત બન્યા પણ પોતાના ત્રણેય સંતાનોને પણ ઉચ્ચ શિક્ષિત બનાવ્યા. સ્વ. હરેશભાઇના ત્રણ પુત્રો પૈકીના કેયુરભાઇ એમબીએ થયા છે જે હાલમાં અમદાવાદમાં એન્ટરટેઇનમેન્ટ એન્ટરપ્રાઇઝ પ્રા.લી.માં સિનિયર સેલ્સ મેનેજર છે. બીજા પુત્ર અમિતભાઇ બી.કોમ. થયા અને ધંધો સંભાળી રહયા છે. અને નાનો પુત્ર હિતેને પણ એમબીએ સુધીનો અભ્યાસ કરીને વારસાગત વ્યવસાયમાં સાથે જોડાયેલ છે.


હરેશભાઇને બે ભાઇઓ પંકજભાઇ અને મુકેશભાઇ અને બે બહેનો છે. જેમાના મીનાબેન હસમુખભાઇ ગજજર રાજકોટ છે અને રેખાબેન શાંતિભાઇ સંચાણિયા જામનગર છે. પાંચ ભાઇ-બહેનોના માતુશ્રી પ્રભાબેનની પ્રેમભાવ અમી દ્રષ્ટિ પામી રહયા છે.

સ્વ.રતિભાઇ વડગામા પરિવાર સાથે અમારે પેઢીનો પારીવારીક નાતો રહયો છે. હરેશભાઇના માતુશ્રી પ્રભાબેન જે સ્વ. લક્ષ્મણભાઇ બામરોલિયાના પુત્રી છે. અમો એક સમયે ૪૮ પ્રહલાદ પ્લોટમાં સામસામે રહેતા હતા. અમારા સ્વ.રતિભાઇ વડગામા પરિવાર સાથે પારીવારીક નાતો રહયો હોવાથી હરેશભાઇના અણધાર્યા અવસાનથી વિશ્વકર્મા વિશ્વ પણ પારીવારીક સભ્ય ગુમાવ્યો હોવાનું દુઃખ અનુભવી રહયો છે.



## બરોડામાં સ્નેહમિલન-અન્નકોટ દર્શન






બરોડા ગુર્જર સુતાર પ્રગતિ મંડળ કારેલી બાગ ખાતે તા. ૧૦-૧૧-૧૯ના રોજ સ્નેહમિલન અને અન્નકોટ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૦૦ જેટલા ભાઇ બહેનોએ હાજરી આપી હતી. આ પ્રસંગે અલ્પાહાર પણ રાખવામાં આવ્યો હતો. પ્રમુખ શૈલેષભાઇ ઘોરેચાના માર્ગદર્શન હેઠળ કમિટીના સભ્યો નરેન્દ્રભાઇ વીસાવડીયા, કનુભાઇ ભારદીયા, કિરીટભાઇ બદ્રકિયા, તુષારભાઇ એરપડા સહિતના સભ્યો કાર્યકરો વગેરેએ આયોજન સફળ બનાવ્યું હતું.

**(અહેવાલ : બીપીનભાઇ ધ્રાંગધરિયા)**

# હૃદયાંજલી



## સ્વ. હરેશભાઈ રતિભાઈ વડગામા

**સ્વ. તા. ૧૯-૧૦-૨૦૧૯, શનિવાર**

સ્વ. રતિભાઈ મોહનભાઈ વડગામાના પુત્ર
(શ્રી રાજકોટ ગુર્જર સુતાર જ્ઞાતિના ટ્રસ્ટીશ્રી)

જીવન એવું જીવ્યા કે જોનારા જોયા કરે, કર્મ સદા એવા કર્યા કે હૃદયમાં ગુંજ્યા કરે,
દુઃખથી કદી ડર્યા નહીં, સુખથી કદી છલકાય નહીં, વ્યવહાર કદી ચુકયા નહીં,
ધર્મ કદી ભુલ્યા નહીં, હૈયામાં વસતા, પ્રભુ આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એજ પ્રાર્થના... ઓમ શાંતિ....

**ગં. સ્વ. પ્રભાબેન રતિભાઈ વડગામા**

- પંકજભાઈ - હિનાબેન
- મુકેશભાઈ - દિપીકાબેન
- કેયુરભાઈ - અમીબેન
- અમિતભાઈ - અલ્પાબેન
- હિતેનભાઈ - ચજવીબેન

**ગં.સ્વ. રશ્મિબેન હરેશભાઈ વડગામા**

- મીનાબેન હસમુખભાઈ ગજ્જર
- રેખાબેન શાંતિલાલ સંચાણિયા
- વિનીત પંકજભાઈ
- ત્વરા મુકેશભાઈ
- ઈલેશા કેયુરભાઈ
- રીશવા અમિતભાઈ

વડગામા પરિવાર (ચિભડાવાળા)ના જયશ્રી કૃષ્ણ-જય માતાજી

**હરેશ એન્જીનીયરીંગ કંપની - રાજકોટ.**

VISHWAKARMA VISHWA(Gujarati), MONTHLY, RNI Regd. No. GUJGUJ/2013/49269. Post Reg. No. RAJKOT/497/2018-2020. Posted at Rajkot RMS on 10th of Every Month


શુ આપને બેસ્ટ કિચન બનાવવુ છે ?
શુ આપને બેસ્ટ બાથરૂમ બનાવવુ છે ?

VERITO®
KITCHENWARE & HARDWARE HUB

# ભારતમાં પ્રથમ વખત

## સ્કવેર પ્રોફાઈલ ફુલ સીટ પર્ફોરેટેડ કિચન બાસ્કેટ

**આપનું કિચન બનાવતા પહેલા કંપનીના ડિસ્પ્લેની અવશ્ય એક મુલાકાત લો.**

## ખાસ એન્ડયુઝર માટે

**અલગ અલગ ૭ ડિઝાઈનના કિચન બાસ્કેટ, કિચન એસેસરીઝ, બાથ એસેસરીઝ**









**કંપનીના ડિસ્પ્લેમાંથી ડાયરેક્ટ સેલ થી મેળવો.**

કોઈપણ પ્રકારના ડિલર, ડિસ્ટ્રીબ્યુટર કે શો-રૂમ માર્જીન વગર કંપનીના ડિસ્પ્લેમાંથી ડાયરેક્ટ મળશે.

બહારગામના કસ્ટમર માટે ટ્રાન્સપોર્ટમાં મોકલવાની સુવિધા આપીશું

Vibrant

# વાઈબ્રન્ટ મેટલટેક પ્રા.લી.

મેન્યુ. દરેક પ્રકારના S.S. પર્ફોરેટેડ સીટ કિચન બાસ્કેટ, S.S. તથા એલ્યુમિનિયમ લેડર અને બાથ એસેસરીઝ

દ્વારકાધીશ એસ્ટેટ, ઘનશ્યામ ઈન્ડસ્ટ્રીયલ એરીયા-૨, વિરાણી અઘાટ, ઢેબર રોડ (સાઉથ), રાજકોટ-૩૬૦ ૦૦૨.

**Cell : 97251 32031, 72848 58687**

vibrantmetaltech@gmail.com   www.vibrantmetaltech.com